
# આત્મધર્મ

માસિક : વર્ષ-૨૦ * અંક-૧ * સપ્ટેમ્બર, ૨૦૨૫



## આગમ–મહાસાગરનાં અણમૂલાં રત્નો

● વસ્તુને ભેદરૂપ તો સર્વલોક જાણે છે—અને જે જાણે છે તે જ પ્રસિદ્ધ છે, તેનાથી તો લોક પર્યાયબુદ્ધિ છે. અર્થાત્ જીવને નર-નારકાદિ પર્યાય છે, રાગ-દ્વેષ-ક્રોધ-માન-માયા-લોભાદિ પર્યાય છે તથા જ્ઞાનના ભેદરૂપ મતિજ્ઞાનાદિ પણ પર્યાય છે, એ સર્વ પર્યાયોને જ લોક જીવ માને છે. તેથી એ પર્યાયોમાં અભેદરૂપ અનાદિ અનંત એકભાવરૂપ ચેતનાધર્મને ગ્રહણ કરી તેને નિશ્ચયનયનો વિષય કહી જીવ દ્રવ્યનું જ્ઞાન કરાવ્યું અને પર્યાયાશ્રિત ભેદનયને ગૌણ કર્યો, અભેદદષ્ટિમાં તે (ભેદ-નય) દેખાતો નથી તેથી અભેદનયનું દૃઢ શ્રદ્ધાન કરાવવા માટે કહ્યું કે—પર્યાયનય છે તે વ્યવહાર છે-અભૂતાર્થ છે—અસત્યાર્થ છે. ૧૧૫.

(શ્રી સ્વામીકાર્તિકેયાનુપ્રેક્ષા, ગાથા-૩૧૨ના ભાવાર્થમાંથી)

● જેવી રીતે લોકમાં આ તૃણાગ્નિ છે, આ કાષ્ટાગ્નિ છે, આ છાણાનો અગ્નિ છે અને આ પાષાણ અગ્નિ છે ઈત્યાદિરૂપ અગ્નિને કહેવામાં આવે છે, પરંતુ વાસ્તવમાં તે અગ્નિ, તૃણ-કાષ્ટ-છાણું કે પત્થર આદિરૂપ થઈ જતો નથી, કારણ કે તે તેનાથી વસ્તુપણે ભિન્ન છે. તેવી જ રીતે જીવ પણ નવ તત્ત્વોમાં જોવામાં આવે છે પરંતુ તે વસ્તુતઃ નવ તત્ત્વરૂપ થઈ જતો નથી. ૧૧૬.

(શ્રી રાજમલ્લજી, શ્રી પંચાધ્યાયી, ભાગ-૨, ગાથા-૧૬ના ભાવાર્થ)

● સમ્યગ્જ્ઞાનનું આભૂષણ એવું આ પરમાત્મતત્ત્વ સમસ્ત વિકલ્પ સમૂહોથી સર્વતઃ મુક્ત (સર્વ તરફથી રહિત) છે. આમ સર્વ નયસમૂહ સંબંધી આ પ્રપંચ પરમાત્મતત્ત્વમાં નથી તો પછી તે ધ્યાનાવલી આમાં કઈ રીતે ઊપજી (અર્થાત્ ધ્યાનાવલી પરમાત્મતત્ત્વમાં કેમ હોઈ શકે) તે કહો. ૧૧૮.

(શ્રી પદ્મપ્રભમલધારીદેવ, નિયમસાર-ટીકા, શ્લોક-૧૨૦)

● કોઈ પ્રશ્ન કરે કે-રાગાદિ જીવના ભાવ છે અને પરભાવ સ્પર્શાદિક છે (તો) રાગાદિને પરભાવ કેમ કહ્યા ? તેનું સમાધાન-શુદ્ધ નિશ્ચયનયથી રાગાદિ જીવના નથી. એ પણ પર છે. શાથી ?—કે એ ભાવકર્મ છે, તેના નાશથી મોક્ષ છે. પર છે તો રાગ છૂટે છે. માટે તેને પર જ કહીએ છીએ. જ્યારે આ જીવ રાગાદિકને પોતાના નહીં માને (ત્યારે) ભવબંધપદ્ધતિ મટશે. તેથી પર રાગાદિ છોડી, શુદ્ધ દર્શન-જ્ઞાન-ચારિત્ર છે તેને સ્વ જાણી, ગ્રહણ કરે એ જ મોક્ષનું મૂળ છે. પરિણામ જેવા કરીએ તેવા હોય છે માટે પર તરફથી છોડી સ્વરૂપમાં લગાવતાં નિજપરિણામ છે. ૧૧૯.

(શ્રી દીપચંદજી, અનુભવપ્રકાશ, પાનું-૨૯)

વર્ષ–૨૦
અંક–૧




વિ. સંવત
૨૦૮૧
September
A.D. 2025

ભાદરવા સુદ પાંચમથી શરૂ થતાં પર્યુષણ તે જૈનશાસનમાં ધર્મની આરાધનાના પર્વ તરીકે પ્રસિદ્ધ છે, આ પર્વને 'દસલક્ષણી પર્વ' કહેવામાં આવે છે. 'પર્યુષણ' એટલે સર્વપ્રકારે આત્માની ઉપાસના, મુખ્યપણે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રપૂર્વક ઉત્તમક્ષમાદિ દસધર્મના ધારક મુનિ ભગવંતોને હોય છે, તેથી મુનિવરોની પ્રધાનતાથી આ આરાધના પર્વ 'દસલક્ષણી પર્વ' તરીકે પ્રસિદ્ધ છે. આ રીતે દસલક્ષણી પર્વ તે ખરેખર રાગનું પર્વ નથી પણ સમ્યગ્દર્શનપૂર્વકની વીતરાગી આરાધનાનું પર્વ છે. આ મહામંગલ પર્વ પ્રસંગે વીતરાગી આરાધનાના આરાધક સંતોના ચરણોમાં અતિશય ભક્તિપૂર્વક નમસ્કાર કરીને, આપણે સર્વ પ્રકારના ઉદ્યમપૂર્વક એ પવિત્ર આરાધનામાં આત્માને જોડીએ....

## સંવરના હેતુભૂત દશ ધર્મ




ઉત્તમ ક્ષમા આદિ ધર્મોમાં સ્વગુણની પ્રાપ્તિ તથા પ્રતિપક્ષી દોષની નિવૃત્તિની ભાવના કરવામાં આવે છે માટે આ સંવરના હેતુ છે.

***ઉત્તમ ક્ષમા :*** વ્રતશીલનું રક્ષણ, આ લોક અને પરલોકમાં દુઃખનું ન હોવું અને સમસ્ત જગતમાં સમ્માન-સત્કાર થવો આદિ ક્ષમાના ગુણ છે. ધર્મ, અર્થ, કામ અને મોક્ષનો નાશ કરવો આદિ ક્રોધના દોષ છે. આમ વિચારીને ક્ષમા ધારણ કરવી જોઈએ. જો બીજો કોઈ આપણી ઉપર ક્રોધ કરે છે અને ગાળ આપે છે તો વિચાર કરવો જોઈએ કે જો કહેલા દોષો મારામાં વિદ્યમાન છે જ તો તે શું મિથ્યા કહે છે? જો એ દોષ મારામાં વિદ્યમાન નથી તો વિચાર કરવો જોઈએ કે તે જીવ અજ્ઞાનથી એમ કહે છે માટે મારે ક્ષમા જ કરવી જોઈએ.

***ઉત્તમ માર્દવ :*** નિરભિમાની અને માર્દવગુણ સહિત વ્યક્તિ ઉપર ગુરુઓનો અનુગ્રહ હોય છે. સાધુજન પણ તેઓને સાધુ માને છે. ગુણના અનુગ્રહથી સમ્યગ્જ્ઞાનની પ્રાપ્તિ થાય છે અને તેનાથી સ્વર્ગાદિ સુખ મળે છે. મલિન મનમાં વ્રત-શીલ આદિ રહેતા નથી એવું જાણી સાધુજન તેને છોડી દે છે. તાત્પર્ય એમ છે કે અહંકાર સમસ્ત વિપદાઓની જડ છે.

***ઉત્તમ આર્જવ :*** સરળ હૃદય ગુણોનો આવાસ છે. તેઓ માયાચારથી ડરે છે માયાચારીને નિંદ્યગતિ પ્રાપ્ત થાય છે.

***ઉત્તમ શૌચ :*** શુચિ આચારવાળા નિર્લોભ વ્યક્તિનું આ લોકમાં સન્માન થાય છે. વિશ્વાસ આદિ ગુણો તેમાં રહે છે. લોભીના હૃદયમાં ગુણો રહેતા નથી. તે આ લોક અને પરલોકમાં અનેક આપત્તિઓ તથા દુર્ગતિને પ્રાપ્ત થાય છે.

***ઉત્તમ સત્ય :*** સમસ્ત ગુણ સંપદા સત્ય વ્યક્તિમાં પ્રતીત થાય છે, ખોટું બોલવાવાળાના બંધુજન પણ તિરસ્કાર કરે છે. તેની સાથે કોઈ મિત્રતા કરતું નથી, જીભ છેદન, સર્વસ્વહરણ આદિ દંડ તેને ભોગવવા પડે છે.

***ઉત્તમ સંયમ :*** સંયમ આત્માને હિતકારી છે. સંયમી પુરુષની અહીં જ પૂજા થાય છે તો પરલોકની તો વાત જ શું ? અસંયમી જીવ નિરંતર હિંસા આદિ વ્યાપારોમાં લિપ્ત હોવાથી તે અશુભ કર્મોનો સંચય કરે છે.

***ઉત્તમ તપ :*** તપથી સમસ્ત અર્થોની સિદ્ધિ થાય છે. તેનાથી ઋદ્ધિઓની પ્રાપ્તિ થાય છે. તપસ્વીઓના ચરણરજથી પવિત્રસ્થાન તીર્થ બન્યા છે. જેને તપ નથી તેઓ તૃણથી પણ લઘુ છે. સર્વગુણ તેને છોડી દે છે. તે સંસારથી મુક્ત થઈ શકતો નથી.

***ઉત્તમ ત્યાગ :*** પરિગ્રહનો ત્યાગ કરવો એ પુરુષ માટે હિતને અર્થે છે. જેમ જેમ તે પરિગ્રહ રહિત થાય છે તેમ-તેમ તેને ખેદના કારણો દૂર થતા જાય છે. ખેદ રહિત મનમાં ઉપયોગની એકાગ્રતા અને પુણ્યનો સંચય થાય છે. પરિગ્રહની આશા ઘણી બળવાન છે, તે સમસ્ત દોષોની ઉત્પત્તિનું સ્થાન છે. જેવી રીતે સમુદ્રનો વડવાનલ (અગ્નિ) પાણીથી શાંત થતો નથી તેવી રીતે પરિગ્રહથી આશારૂપી સમુદ્રની તૃપ્તિ થઈ શકતી નથી. આશારૂપી ખાડો ઘણો ઊંડો છે. તેનું પૂર્ણ થવું ઘણું જ કઠણ છે. પ્રતિદિન જે પણ તેમાં નાખવામાં આવે છે તે તેમાં સમાઈ જાય છે, પણ પૂર્ણ થતો નથી.

***ઉત્તમ આકિંચન્ય :*** શરીર આદિથી મમત્વ રહિત વ્યક્તિ પરમ સંતોષને પ્રાપ્ત થાય છે. શરીર આદિમાં રાગ કરવાવાળો સદા સંસારમાં પરિભ્રમણ કરે છે.

***ઉત્તમ બ્રહ્મચર્ય :*** બ્રહ્મચર્યનું પાલન કરવાવાળાને હિંસા આદિ દોષો લાગતા નથી. નિત્ય ગુરુકુળવાસીને ગુણસંપદાઓ પોતાની મેળે પ્રાપ્ત થાય છે. સ્ત્રીવિલાસ—વિભ્રમ આદિથી ઘવાયેલો જીવ અનેક પ્રકારના પાપોનો શિકાર બને છે. સંસારમાં અજિતેન્દ્રિયતા ઘણું અપમાન કરાવે છે.

આ પ્રમાણે ઉત્તમ ક્ષમા આદિ ગુણોનો તથા ક્રોધાદિ દોષોનો વિચાર કરવાથી ક્રોધાદિથી નિવૃત્તિ થતાં તેના નિમિત્તથી થતાં કર્મોનો આસ્રવ રોકાવાથી મહાન સંવર થાય છે.

—શ્રીમદ્ અકલંકદેવ


## ***''મિચ્છામિ દુક્કડમ્''***

'મિચ્છામિ દુક્કડમ્' એ માગધી ભાષાનું પદ છે. તેને સંસ્કૃતમાં 'મિચ્છામિ દુષ્કૃતં કહે છે. મા+ઇચ્છામિ+દુષ્કૃતં—એમ ત્રણ શબ્દોનું તે પદ બનેલું છે—તેનો અર્થ 'માઠા કૃતને હું ઇચ્છતો નથી' એવો થાય છે. ત્યારે ''દુષ્કૃતં'' શું છે એ પ્રથમ સમજવું જોઈએ. મિથ્યાત્વ તે મહાપાપ છે અને તેથી તે મોટામાં મોટું ''દુષ્કૃતં'' છે. જીવ જે કુળમાં જન્મે છે તે કુળમાં ઘણા ભાગે કોઈને કોઈ ધર્મની માન્યતા હોય છે. કુળધર્મી તે માન્યતાને ઘરમાં પોષણ મળે છે. મોટો થતાં ધર્મ સ્થાનકે જતાં તે માન્યતાને વિશેષ પોષણ મળે છે. વળી ધંધાદારી કામમાં પડી જતાં કુળધર્મની માન્યતાનું યથાર્થ સ્વરૂપ શું છે તેની વિચારણા કરવાનો વખત મળતો નથી. એટલે ઓઘસંજ્ઞાએ ક્રિયાઓ પોતે કે સગા સંબંધીઓ જે કરે તે ધર્મ હોવો જોઈએ એમ માની લઈ પોતાનું જીવન ચલાવે છે. 'આત્માનો સ્વભાવ' તે ધર્મ છે, એમ તો તેને સાંભળવાનું ઘણે ભાગે મળતું નથી. આ પ્રમાણે પોતાના સ્વભાવનું ઘોર અજ્ઞાન તે સેવ્યા કરે છે. આ ઘોર અજ્ઞાન તે પહેલા નંબરનું 'દુષ્કૃત' છે. માટે અજ્ઞાન ટાળી પોતાનું સ્વરૂપ યથાર્થ જાણવાની જરૂર છે તે જાણ્યા સિવાય સાચું સુખ પ્રગટે નહીં અને ખરું ''મિચ્છામિ દુક્કડં'' થાય નહીં.

### ***ક્ષ....મા....પ....ના***

***આત્મધર્મનું લેખન-સંપાદન પૂજ્ય ગુરુદેવશ્રીની કૃપાદષ્ટિમાં, માત્ર સ્વ-પરના આત્માર્થની પુષ્ટિ થાય એ એક જ ધ્યેયપૂર્વક કરવામાં આવે છે. હૃદયમાં દેવ-ગુરુ-ધર્મની ભક્તિપૂર્વક ને સાધર્મી પ્રેમપૂર્વક તેનું સંકલન કરવામાં આવે છે. તેમ છતાં કોઈ ભૂલચૂક થઈ હોય, કે કોઈની લાગણી મારાથી દુભાઈ હોય, તો અંતરના ભાવપૂર્વક દેવ-ગુરુ-ધર્મ, પ્રત્યક્ષ ઉપકારી સંતો તથા સાધર્મીજનો પ્રત્યે ક્ષમા માંગુ છું.***

***—તંત્રીશ્રી***



# પરમાગમ શ્રી પ્રવચનસાર શાસ્ત્ર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન



(ગાથા-૭૫, ૭૬ ના પ્રવચનમાંથી)

## પુણ્ય દુ:ખનું સાધન છે

શુભ ઉપયોગથી ઉપજેલા પુણ્ય કર્મો છે ને કર્મોને લીધે વિધવિધ સામગ્રી મળે છે. તે પુણ્ય દેવો સુધીના બધા અજ્ઞાની જીવોને વિષય તૃષ્ણા ઉત્પન્ન કરે છે. અજ્ઞાનીજીવોને સ્વરુચિ નથી ને શુભના ફળમાં સામગ્રી મળે છે. અજ્ઞાની જીવો સામગ્રીમાંથી સુખ મેળવવાની ખોટી ભ્રાંતિને લીધે વિષય તૃષ્ણા ઉત્પન્ન કરે છે. પદાર્થો તૃષ્ણા કરાવતા નથી. પણ અજ્ઞાની જીવો પોતાનો સુખ સ્વભાવ ચૂકીને સંયોગી દૃષ્ટિ કરે છે. તેથી પુણ્ય અને સામગ્રી તૃષ્ણા કરાવે છે એમ કહેવામાં આવે છે.

જેમ જળો ખરાબ લોહીમાં આસક્ત વર્તે છે. તેમ સમસ્ત અજ્ઞાની જીવો પાંચે ઈન્દ્રિયોના વિષયો તરફ પ્રવૃત્ત જોવામાં આવે છે. તેથી અજ્ઞાની જીવોને તૃષ્ણા છે. એમ નક્કી થાય છે ને પુણ્યો તૃષ્ણાના રહેઠાણ છે એમ અવિરોધપણે નક્કી થાય છે. અનુકૂળતાના સંયોગવાળા જીવો, અનુકૂળતામાં રાગ કરીને અને પ્રતિકૂળતાના સંયોગવાળા જીવો પ્રતિકૂળતામાં દ્વેષ કરીને દુ:ખી દુ:ખી થઈ રહ્યા છે. માટે પુણ્યો સુખના સાધન નથી પણ દુ:ખ બીજરૂપ તૃષ્ણાના સાધન છે.

જે જીવોને તૃષ્ણા છે. તે જીવો તૃષ્ણાથી દુ:ખી દુ:ખી થઈ રહ્યો છે. તે મરણપર્યંત સુખોને ઈચ્છે છે અને દુ:ખ સહન નહિ થવાથી વિષયો ભોગવે છે. પૂર્વે જીવોએ શુભભાવો કર્યા હોય તેને દ્રવ્ય પુણ્ય બંધાય છે અને ફળરૂપ સારા સંયોગની પ્રાપ્તિ થાય છે. તે સંયોગોમાં તૃષ્ણા કરે છે. દેવ સુધી બધા સંસારી જીવો, અનેક પ્રકારની તૃષ્ણા કરે છે ને તૃષ્ણા દુ:ખનું બીજ છે માટે તેઓ અત્યંત દુ:ખી છે.

જે જીવને, શરીરમાં રોગ થાય, નિર્ધનતા આવે, પ્રતિકૂળ સંયોગો આવે, દીકરા ગુજરી જાય, દીકરી વિધવા થાય, આબરૂ જાય તે સંયોગો ગમતા નથી ને દ્વેષ કરે છે તે જીવ એમ ઈચ્છે છે કે પૂર્વે સાતાવેદનીય કર્મ બાંધ્યા હોત તો ઠીક રહેત. એવા જીવો પુણ્યની ભાવના ભાવી રહ્યા છે, અને જે જીવોને સુખી કુટુંબ, સારી દુકાન, શરીર

| શ્રી અરનાથ સ્તુતિ | सर्वथा कथनमें दोषरूप,<br>यदि स्याद्वाद हों पुष्टरूप. १०१ | શ્રી સ્વયંભૂ-સ્તોત્ર |
|---|---|---|

નિરોગી વગેરે બધી સરખાઈ હોય તે એવાને એવા ટકી રહો એમ ઈચ્છે છે, તે પુણ્યની ભાવના ભાવે છે. સગવડતાના કામી અગવડતા વખતે રાડ નાખે છે, ને અગવડતાનો દ્વેષી સગવડતાની ભાવના કરે છે. બધી સગવડતા હોય તો ધર્મ થાય. એવી જેની રુચિ છે તેને પુણ્યની રુચિ છે. પણ સ્વભાવની રુચિ નથી.

અહીં કોઈ પ્રશ્ન કરે કે, દેવ-ગુરુ-શાસ્ત્રની પ્રભાવના કોણ કરશે ?

તો ભાઈ પૈસાને લીધે પ્રભાવના થતી નથી અને પ્રભાવનાને લીધે આત્માની પર્યાયમાં અસર થતી નથી. સૌ પોતે પોતામાં પ્રભાવના કરે છે. આત્મા સમજે તે લક્ષ્મીવાળો ન સમજે તે ગરીબ. અહીં તો શુભોપયોગ, તેનું ફળ શાતાકર્મ, તેના ફળ તૃષ્ણા, રાગ તથા અશુભોપયોગ. તેનું ફળ અશાતાકર્મ તેના ફળમાં તૃષ્ણા, દ્વેષ એમ છ પ્રકારે બધાને એક સરખા મૂકવામાં આવ્યા છે.

જે જીવ ચિદાનંદ સ્વરૂપને ચૂકે છે, તે શુભમાં હો કે અશુભમાં હો. તો પણ દુઃખી છે. જેવી રીતે જળો ખરાબ લોહીને ચૂસે છે. લોહી મૂકવું ગમતું નથી ને ક્રમશઃ લોહી ચૂસતા ચૂસતા મરણ પામે છે. તેમ અજ્ઞાની, પુણ્યશાળીઓ, પાપશાળીઓની જેમ તૃષ્ણારૂપી દુઃખના અંકુરોથી જીતાઈ ગયા છે. તેથી વિષયો જ ઈચ્છે છે, ને મરણપર્યંત દુઃખ ભોગવે છે. પૈસાની ગૃદ્ધિ મરણ થતાં સુધી દુકાનનો વહીવટને છોડતો નથી. ખાવાનો લાલચુ વૈદ્યની મનાઈ હોવા છતાં ન ખાવાના પદાર્થ ખાય છે ને મરણ પામે છે. આથી પુણ્યો તૃષ્ણા ઉત્પન્ન કરે છે. તેથી પુણ્યો દુઃખના સાધન છે.

ઈન્દ્રિય સુખ પરના સંબંધવાળું છે, બાધાવાળું છે, ત્રુટક છે, બંધનું કારણ છે, અને અસ્થિર છે તેથી પુણ્યજન્ય હોવા છતાં દુઃખ જ છે. (૧) જ્ઞાનસ્વભાવનો સંબંધ રાખી ઉપજતું અતીન્દ્રિય સુખ સ્વાશ્રયી ને સ્વાધીન છે. જ્યારે જ્ઞાનસ્વભાવને ચૂકીને પુણ્યની રુચિ કરીને ઉપજતું ઈન્દ્રિયસુખ પરાશ્રયી અને પરાધીન છે તથા ઈષ્ટ પદાર્થના સંયોગની અપેક્ષા રાખે છે. તેથી પરાધીન છે.

(૨) જ્ઞાન સ્વભાવના આશ્રયે ઉપજતું અતીન્દ્રિય સુખ બાધા રહિત છે. કાંઈ પણ વિઘ્ન હોતું નથી તેથી અનાકુળ છે. એવા જ્ઞાન સ્વભાવની રુચિ નહિ કરતાં પુણ્યની રુચિ કરીને ઉપજતું ઈન્દ્રિય સુખ ડગલે-પગલે બાધાવાળું છું. વિઘ્નવાળું છે. ઘડીમાં ખાવાની ઈચ્છા થાય, ઘડીકમાં પીવાની ઈચ્છા, ઘડીકમાં સંસાર ભોગવવાની ઈચ્છા, ઘડીકમાં વેપારની, માનની, શેઠાઈની—એમ એક પછી એક તૃષ્ણા પ્રગટ્યા જ કરે છે,

સર્વથા નિયમકા ત્યાગકાર,
જિસ નય શ્રુત દેખા પુષ્ટકાર;

માટે ઈન્દ્રિય સુખ આકુળતાવાળું છે.

(૩) જ્ઞાન સ્વભાવના આશ્રયે ઉપજતું અતીન્દ્રિય સુખ અવિચ્છિન્ન એટલે એકધારું છે ને પ્રતિપક્ષી રહિત છે. માટે એકધારું સુખ છે. જ્યારે જ્ઞાન સ્વભાવને ચૂકીને પુણ્યની રુચિ કરીને ઉપજતું ઈન્દ્રિય સુખ ત્રુટક છે તે વિપક્ષવાળું છે. કારણ અશાતાવેદનીય કર્મનો ઉદય આવે છે ત્યારે શાતાવેદનીય હોતું નથી ખસી જાય છે. રાજા રંક થાય છે, ધનવાન નિર્ધન થાય છે, નિરોગી રોગી થાય છે.

કૃષ્ણ-વાસુદેવ તથા બળદેવ બંને ભાઈઓ હતા. દ્વારકામાં જાહોજહાલી હતી. ખમા ખમા થતી હતી જેના હાથના પ્રહારે ડુંગર તૂટતા, પુણ્ય ફર્યા. દ્વારકા સળગી પોતાના મા-બાપને લેવા ગયા. બળતા મકાનમાંથી મા-બાપને કાઢવા જાય છે. ત્યાં આકાશવાણી થાય છે. ''ખેંચોમાં દરવાજો હમણા ટૂટી પડશે.'' ''મા-બાપને કાઢી શકશો નહિ.'' બંને ભાઈઓ પાછા ફરે છે અને દરવાજો તૂટે છે. મા-બાપ મરી જાય છે. બંને ભાઈઓ એકલા ચાલી નીકળે છે. દેવો ચાલ્યા ગયા, નગરજન ખસી ગયા, દ્વારકા ઓલવવા દરીયાનું પાણી નાખે તોય તેલરૂપે થઈ જાય. આમ પુણ્ય ફરી જાય છે. આમ શાતાવેદનીયથી મળતું ઈન્દ્રિય સુખ વિચ્છિન્ન-ત્રુટક છે. જુઓ, ત્યારના મહાન પુણ્યશાળી વાસુદેવ, બળદેવ, પોતાના નગરની વ્યવસ્થા કરી શક્યા નહીં. એકલા ચાલી નીકળ્યા. તો પછી અત્યારના અજ્ઞાની જીવો માને કે સમાજની વ્યવસ્થા બરાબર કરવી ને ગરીબોને સારી સ્થિતિમાં મૂકવા જોઈએ આ બધો અજ્ઞાનભાવ છે. પરપદાર્થની વ્યવસ્થા અને ફેરફાર કરવા કોઈ સમર્થ નથી. અહીં તો શુભના ફળમાં મળેલી સામગ્રીથી થતું ઈન્દ્રિય સુખ, પરાધીન, ત્રુટક બતાવે છે તેથી શુભોપયોગ નિંદ્ય છે.

પોતાનો આત્મસ્વભાવ સુખસ્વરૂપ છે એવી માન્યતા ચૂકીને પુણ્યની રુચિ કરવાવાળા જીવને ઈન્દ્રિય સુખ મળે છે કે જે ઈન્દ્રિય સુખ ૧-પરાધીન છે, ૨-વિઘ્નવાળું છે, ને ૩- ત્રુટક છે, તે વાત ગઈ કાલે આવી ગઈ છે.

(૪) પોતાના જ્ઞાનસ્વભાવના આશ્રયે ઉપજતું અતીન્દ્રિયસુખ આગામી બંધનું કારણ નથી તેથી અનંતકાળ સુધી સુખસ્વરૂપ છે. એવા જ્ઞાનસ્વભાવની રુચિ નહિ કરતાં પુણ્યની રુચિ કરવાથી ઉપજતું ઈન્દ્રિયસુખ બંધનું કારણ છે. પરપદાર્થોમાં સુખબુદ્ધિ કરીને હાસ્ય, રતિ વગેરે ઘણા પ્રકારના ભાવ જીવ કરે છે તેથી ઘણા કર્મોના બંધ પડ્યા કરે છે ને સંસાર ચાલુ રહે છે. (જુઓ અનુસંધાન પેજ નં. ૨૭ ઉપર)

**હૈ 'સ્યાત્' શબ્દ તુમ મત મંઝાર,**
**નિજ ઘાતી અન્ય ન લખેં સાર. ૧૦૨**

## શ્રી ઈષ્ટોપદેશ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન

(પ્રવચન નં. ૪૧, ગાથા - ૩૭)

### *ભગવાનમાં રાગ નથી, રાગમાં ભગવાન નથી*

આત્મા પોતાની સમીપ જ છે, દૂર નથી પણ અજ્ઞાનદશામાં શ્રદ્ધામાં દૂર ભાસતો હતો તે હવે દૃષ્ટિની ગુલાંટ મારતાં, શ્રદ્ધામાં આત્મા સમીપ થઈ ગયો. તેથી પાંચ ઈન્દ્રિયના વિષયોથી જ્ઞાની અંતરમાં ઉદાસ થઈ જાય છે. તો પ્રશ્ન થાય કે વિષયોથી જ્ઞાની ઉદાસ છે તો વિષયો ભોગવે છે શું કામ? તો કહે છે ભાઈ! વિષયોને જ્ઞાની ભોગવતા જ નથી. જડની ક્રિયા થાય છે તેને માત્ર જાણે છે. અરે જ્ઞાની તો શું પણ અજ્ઞાની પણ જડ-ઈન્દ્રિયના વિષયોને ભોગવી શકતો નથી, માત્ર તેના રાગમાં એકત્વ કરીને સુખ માને છે.

જેનો જુવાન દીકરો મરી ગયો હોય તેની માતાને ક્યાંય ચેન પડે ખરું? ન ભાવે ખાવું... ન ભાવે પીવું, ન ભાવે સૂવું, ક્યાંય સુખ લાગતું નથી કેમ કે તેને અંદરમાં ઘા પડી ગયો છે કે અરે! મારો દીકરો ચાલ્યો ગયો. તેમ જ્ઞાનીને રાગ અને જ્ઞાન વચ્ચે ઘા પડી ગયો છે--રાગ અને આત્માનું ભેદજ્ઞાન થઈ ગયું છે. તેને પરમાં અને રાગમાં રુચિ રહે એમ કદી બનતું નથી. આ ધર્મીનું લક્ષણ છે.

અહો! ધર્મી તો વારંવાર અતીન્દ્રિય આનંદને યાદ કરે છે—સ્મરણ કરે છે અને તેને ભોગવે છે. ત્યાં તેને અન્ય વિષયનું સ્મરણ ક્યાંથી હોય?

જ્ઞાનીએ રાગ અને ભગવાન આત્માની વચ્ચે છીણી મારી દીધી છે કે રાગમાં ભગવાન નહિ અને ભગવાનમાં રાગ નહિ. આવી ભેદજ્ઞાનની છીણી માર્યા પછી તેને પરપદાર્થનો અને રાગનો રાગ રહેતો નથી. આનો અર્થ એવો નથી કે તેને બહારથી પણ બધું છૂટી જાય. દૃષ્ટિ યથાર્થ હોવી જોઈએ. એ જૈન ન હોય અને બહારથી બધું છોડી દે તેણે ખરેખર કાંઈ છોડ્યું નથી. પર નિમિત્તથી મને લાભ-નુકશાન થાય એવી પરાશ્રિતબુદ્ધિ પડી છે. તેણે બધું છોડ્યું હોય તોપણ કાંઈ છોડ્યું નથી.

કર્મથી વિકાર થાય છે, જ્ઞાન પણ ઈન્દ્રિયો હોય તો થાય, સારો સંગ મળે તો શ્રદ્ધા પલટાય એવી પરાશ્રિતબુદ્ધિ જેને પડી છે તેને સ્વાશ્રિતદૃષ્ટિ ક્યાંથી પ્રગટ થાય?

**હૈ અનેકાન્ત ભી અનેકાન્ત,**
**સાધત પ્રમાણ નય, વિના ધ્વાંત;**

પૂજ્યપાદસ્વામી કહે છેકે હે વત્સ ! જેમ માછલીના અંગને રેતી જ જ્યાં બાળી નાખે ત્યાં અગ્નિની શું વાત ? તેમ અકષાય શાંત સ્વરૂપમાં રહેતા જ્ઞાનીને શુભભાવ પણ દુઃખરૂપ અને આકુળતા રૂપ લાગે છે તો અશુભભાવની તો વાત જ શું કરવી ? શુભ અને અશુભ બંને આકુળતાસ્વરૂપ છે, દુઃખરૂપ છે, આસ્રવ છે-વિકાર છે અને બંધના કારણ છે. તો જેને અબંધસ્વભાવી ભગવાન આત્માનું ભાન થયું—કિંમત થઈ તેને બંધભાવની શું કિંમત હોય !

આમ જેને આત્મસંવિત્તિ—આત્માનુભવ પ્રગટ થયો છે તેનું લક્ષણ એ છે કે તેને વિષયોની રુચિ હોતી નથી અને જેને આત્મસંવિત્તિ નથી તેને વિષયોની રુચિ હોય જ છે. આત્મામાં જ સુખ છે એવો વિશ્વાસ થતાં વિષયોમાં સુખબુદ્ધિ છૂટી જ જાય છે...તેથી વિષયોની રુચિ ભસ્મ થઈ જાય છે. જેને શ્રદ્ધા—જ્ઞાનમાં આત્માની ઝલક આવી જાય—સમીપતા થઈ જાય તેને વિષયોની રુચિ કેમ થાય ? વિષયોની મીઠાશ કેમ આવે ? ન જ આવે અને જેણે પોતાની મીઠાશ અનુભવી નથી અને કહે કે મને વિષયો પ્રત્યે અરુચિ છે તો એ વાત જૂઠી છે. પોતાના સ્વભાવની રુચિ થયા વિના વિષયની રુચિ છૂટતી જ નથી.

જ્ઞાનીને જેમ જેમ વિષયોની આસક્તિ ઘટતી જાય છે તેમ તેમ આત્મસંવિત્તિ વધતી જાય છે, એવો આત્મસંવિત્તિની ઉન્નતિનો ક્રમ છે. જેમ જેમ સ્વભાવમાં એકાગ્રતા વધતી જાય છે તેમ તેમ વિષયોની આસક્તિ ઘટી જાય છે અને શુદ્ધિની વૃદ્ધિ થતી જાય છે.

આમ મુનિરાજે જ્ઞાનીની સંવિત્તિનું લક્ષણ અને તેની વૃદ્ધિનો ક્રમ બતાવીને શિષ્યના બંને પ્રશ્નનો જવાબ આપી દીધો. અહો !

ચિન્મૂરત દૃગધારીકી મોહે રીતિ લગત હૈ અટાપટી,
બાહિર નારકીકૃત દુઃખ ભોગત, અંતર સુખરસ ગટાગટી.

જ્ઞાનીની રીત કોઈ અટપટી છે. બહારથી ચક્રવર્તીપદમાં બેઠા હોય તોપણ તેમાં સુખબુદ્ધિ નથી અને નરકનું દુઃખ હોય તોપણ તેમાં દુઃખબુદ્ધિ નથી. અસ્થિરતાવશ રાગનું દુઃખ હોય છે પણ અંદરમાં સુખરસની ગટાગટી હોય છે. આ જ્ઞાનીનું લક્ષણ છે.

(ક્રમશઃ) ❋

**સપ્રમાણ દૃષ્ટિ હૈ અનેકાન્ત,**
**કોઈ નય-મુખસે હૈ એકાંત. ૧૦૩**



# અધ્યાત્મ સંદેશ

(રહસ્યપૂર્ણ ચિઠ્ઠી ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનાં પ્રવચન)

## સ્વાનુભવજ્ઞાનનું વર્ણન

“જૈનાગમમાં જેવું આત્માનું સ્વરૂપ કહ્યું છે તેને તેવું જાણી તેમાં પરિણામોને મગ્ન કરે છે તેથી તેને આગમ–પરોક્ષ પ્રમાણ કહીએ છીએ.

અથવા, હું આત્મા જ છું તેથી મારામાં જ્ઞાન છે; જ્યાં જ્યાં જ્ઞાન છે ત્યાં ત્યાં આત્મા છે–જેમકે સિદ્ધાદિક; વળી જ્યાં આત્મા નહીં ત્યાં જ્ઞાન પણ નહીં–જેમકે મૃતકકલેવરાદિક; આ પ્રમાણે અનુમાન વડે વસ્તુનો નિશ્ચય કરી તેમાં પરિણામોને મગ્ન કરે છે તેથી તેને અનુમાન–પરોક્ષ પ્રમાણ કહીએ છીએ. અથવા, આગમ–અનુમાનાદિક વડે જે વસ્તુને જાણી તેને યાદ રાખીને તેમાં પરિણામોને મગ્ન કરે છે તેથી તેને સ્મૃતિરૂપ પરોક્ષજ્ઞાન કહીએ છીએ. ઈત્યાદિ પ્રકારથી સ્વાનુભવમાં પરોક્ષ પ્રમાણ વડે જ આત્માને જાણવાનું હોય છે. પછી, જે સ્વરૂપ જાણ્યું તેમાં જ પરિણામ મગ્ન થાય છે, તેનું કાંઈ વિશેષ જાણપણું હોતું નથી.” (પાનું : ૩૪૭–૩૪૮)

જુઓ, આત્માને જાણે તે પ્રત્યક્ષ ને પરને જાણે તે પરોક્ષ એવી વ્યાખ્યા નથી; કેમકે મતિશ્રુતજ્ઞાન આત્માને જાણે છે છતાં તેને પરોક્ષ ગણ્યા છે, ને અવધિ–મનઃપર્યયજ્ઞાન પરને જાણે છે છતાં તેને પ્રત્યક્ષ કહ્યાં છે. જે જ્ઞાન સ્પષ્ટ હોય અને સીધું આત્માથી થાય તે જ્ઞાનને પ્રત્યક્ષ કહે છે; અને જે અસ્પષ્ટ હોય, જેમાં ઈન્દ્રિયાદિ પરનું કંઈક અવલંબન હોય તેને પરોક્ષ કહે છે. હવે મતિ-શ્રુતજ્ઞાન જ્યારે સ્વસન્મુખ થઈને સ્વાનુભવમાં વર્તે છે ત્યારે તેમાંથી ઈન્દ્રિય–મનનું જેટલું અવલંબન છૂટ્યું છે તેટલું તો પ્રત્યક્ષપણું છે, તેમાં જે સ્વાનુભવ થયો તે એકલા આત્માથી જ થયો છે, બીજા કોઈનું તેમાં અવલંબન નથી, અને તે સ્વાનુભવ સ્પષ્ટ છે, માટે તે પ્રત્યક્ષ છે. આ પ્રત્યક્ષપણું અધ્યાત્મદૃષ્ટિવાળાને સમજાય તેવું છે. અહા, મતિ–શ્રુતજ્ઞાન ઈન્દ્રિય અને મન વગર જાણે !...ભાઈ, જાણવાનો સ્વભાવ તો આત્માનો છે ને! આત્મા પોતે પોતાને મન અને ઈન્દ્રિય વગર જ જાણે છે. પ્રવચનસારની ૧૭૨ મી ગાથામાં ‘અલિંગગ્રહણ’ના ૨૦ અર્થો કરતાં આચાર્યદેવે સ્પષ્ટ કહ્યું છે કે આત્મા એકલા અનુમાન વડે કે એકલા ઈન્દ્રિય–મન વડે જણાતો નથી, એટલે

નિરૂપમ પ્રમાણસે સિદ્ધ ધર્મ,
સુખકર હિતકર ગુણ કહત મર્મ;

એકલા પરોક્ષ વડે તે જણાતો નથી. ઈન્દ્રિયજન્ય મતિ–શ્રુતજ્ઞાનને સાંવ્યવહારિકપ્રત્યક્ષ કહ્યું છે તે પરને જાણવાની અપેક્ષાએ, સ્વને જાણવામાં તો તે જ્ઞાન ઈન્દ્રિયાતીત સ્વાનુભવપ્રત્યક્ષ છે. આ સ્વાનુભવ–પ્રત્યક્ષપણું અધ્યાત્મશૈલીમાં છે, એટલે આગમની શૈલીમાં પ્રત્યક્ષ–પરોક્ષના જે ભેદો આવે તેમાં તેનું કથન ન આવે. સમયસારમાં કહે છે કે હું મારા સમસ્ત નિજવૈભવથી શુદ્ધાત્મા દેખાડું છું, તે સ્વાનુભવપ્રત્યક્ષથી પ્રમાણ કરજો. તો ત્યાં શ્રોતાઓ તો મતિ–શ્રુતજ્ઞાનવાળા જ છે ને તેમને જ મતિ–શ્રુતજ્ઞાન વડે સ્વાનુભવ–પ્રત્યક્ષ કરવાનું કહ્યું છે. જો સ્વાનુભવમાં મતિ–શ્રુત પ્રત્યક્ષ ન હોય તો આમ કેમ કહે?

અહીં કહે છે કે ધર્માત્માએ આવો સ્વાનુભવ કરતાં પહેલાં આગમ દ્વારા તથા અનુમાન વગેરે દ્વારા આત્માનું યથાર્થ સ્વરૂપ નક્કી કર્યું છે. પછી તેમાં પરિણામ લીન કરીને સ્વાનુભવ કરે છે.

આગમમાં, અરિહંતના આત્માનું ઉદાહરણ આપીને આત્માનો શુદ્ધ સ્વભાવ દેખાડ્યો છે. અરિહંતનો આત્મા દ્રવ્યથી–ગુણથી ને પર્યાયથી જેવો શુદ્ધ છે તેવો જ આત્માનો સ્વભાવ છે, અરિહંત જેવો સર્વજ્ઞસ્વભાવ આ આત્મામાં ભર્યો છે; અરિહંતના આત્મામાં શુભરાગ વગેરે વિકાર નથી તેમ શુભરાગ આ આત્માનો પણ સ્વભાવ નથી. આગમમાં શુભરાગને આત્માનો સ્વભાવ નથી કહ્યો પણ પરભાવ કહ્યો છે, તેને અનાત્મા અને આસ્રવ કહ્યો છે. એમ અનેક પ્રકારે આગમના જ્ઞાનથી આત્મસ્વરૂપનો નિર્ણય કરવો જોઈએ. વળી અનુમાનના વિચારથી પણ વસ્તુસ્વરૂપ નક્કી કરે.–જેમકે–

હું આત્મા છું...મારામાં જ્ઞાન છે.

જ્યાં જ્યાં જ્ઞાન છે ત્યાં ત્યાં આત્મા છે, જેમકે સિદ્ધ ભગવાન.

જ્યાં જ્યાં આત્મા નથી ત્યાં ત્યાં જ્ઞાન પણ નથી, જેમકે અચેતન શરીર.

વળી, જ્યાં જ્યાં જ્ઞાન નથી ત્યાં ત્યાં આત્મા પણ નથી, અને જ્યાં જ્યાં આત્મા છે ત્યાં ત્યાં જ્ઞાન પણ છે.

આ રીતે આત્માને અને જ્ઞાનને પરસ્પર વ્યાપ્તિપણું છે, એટલે એક હોય ત્યાં બીજું હોય જ, ને એક ન હોય ત્યાં બીજું પણ ન હોય, આવા પરસ્પર અવિનાભાવ-પણાને 'સમવ્યાપ્તિ' કહેવાય છે. 'શરીર હોય ત્યાં આત્મા હોય'—એમ સાચું અનુમાન થઈ

**અરજિન! તુમ સમ જિન તીર્થનાથ,**
**નહિં કોઈ ભવિ બોધક સનાથ. ૧૦૪**

શકતું નથી, કેમ કે સિદ્ધ ભગવાનને શરીર ન હોવા છતાં આત્મા છે અને મૃતક કલેવરમાં શરીર હોવા છતાં આત્મા નથી; એટલે શરીરને અને જીવને વ્યાપ્તિ નથી. શરીર વગરનો આત્મા હોય પણ જ્ઞાન વગરનો આત્મા કદી ન હોય. માટે જ્ઞાન તે આત્માનું સ્વરૂપ છે, પણ શરીર તો આત્માથી ભિન્ન છે. એ જ રીતે, શરીરની માફક રાગ–દ્વેષ વગરનો પણ આત્મા હોય છે, માટે રાગ–દ્વેષ પણ ખરેખર આત્માનું સ્વરૂપ નથી. આમ અનેક પ્રકારે યુક્તિથી વિચારીને આત્માનું સ્વરૂપ નક્કી કરવું તેને અનુમાન કહેવાય છે.

હું આત્મા છું; કેમકે મારામાં જ્ઞાન છે ને હું જ્ઞાનથી જાણું છું.

શરીર તે આત્મા નથી; કેમકે તેનામાં જ્ઞાન નથી, તે કાંઈ જાણતું નથી.

આત્મા જ્ઞાનસ્વભાવી છે; કેમકે જ્ઞાન વગરનો આત્મા કદી હોતો નથી, તેમ જ આત્મા સિવાય બીજે ક્યાંય જ્ઞાન કદી હોતું નથી.

શુદ્ધનયથી હું શુદ્ધ સિદ્ધસમાન છું; અશુદ્ધનયથી મારામાં અશુદ્ધતા પણ છે. શુદ્ધનયનો આશ્રય કરીને શુદ્ધાત્માનો અનુભવ કરતાં પર્યાયમાંથી અશુદ્ધતા ટળીને શુદ્ધતા પ્રગટે છે.

આ પ્રમાણે અનુમાન અને નય–પ્રમાણ વગેરેના વિચારો તત્ત્વનિર્ણયના કાળે હોય છે; પણ એકલા એ વિચારથી જ કાંઈ સ્વાનુભવ નથી થતો. વસ્તુસ્વરૂપ નક્કી કરીને પછી જ્યારે સ્વદ્રવ્યમાં પરિણામને એકાગ્ર કરે ત્યારે જ સ્વાનુભવ થાય છે. અને એ સ્વાનુભવના કાળે નય–પ્રમાણ વગેરેના વિચારો હોતા નથી. નય–પ્રમાણ વગેરેના વિચાર એ તો પરોક્ષજ્ઞાન છે, અને સ્વાનુભવ તો કથંચિત્ પ્રત્યક્ષ છે. પહેલાં આગમ અનુમાન વગેરે પરોક્ષ જ્ઞાનથી જે સ્વરૂપ જાણ્યું અને વિચારમાં લીધું તેમાં પરિણામ એકાગ્ર થતાં તે સ્વાનુભવ–પ્રત્યક્ષ થાય છે. આ સ્વાનુભવમાં પહેલાં કરતાં કાંઈ બીજું સ્વરૂપ જાણ્યું–એમ નથી, એટલે કે જ્ઞાનીને સ્વાનુભવમાં જાણપણાની અપેક્ષાએ વિશેષતા નથી પણ પરિણામની મગ્નતા છે–તે વિશેષતા છે.

આત્માના અનુભવનું સ્મરણ કરીને ફરી તેમાં પરિણામ લગાવે છે.—પણ આવું સ્મરણ કોને હોય? કે પહેલાં એકવાર જેણે અનુભવ વડે સ્વરૂપ જાણ્યું હોય, તેની ધારણા ટકાવી હોય, તે ફરીને તેનું સ્મરણ કરે. 'પહેલાં આત્માનો અનુભવ થયો ત્યારે આવો

(જુઓ અનુસંધાન પેજ નં. ૨૭ ઉપર)

**મતિ અપની કે અનુકૂલ નાથ !**
**આગમ જિન કહતા મુક્તિનાથ !**



# મુક્તિનો માર્ગ

(સદ્‌ગુરુદેવશ્રી કાનજીસ્વામીનાં સત્તાસ્વરૂપ પર પ્રવચનો)

પ્રવચન સાતમું (ભાદરવા સુદ ૩ સોમવાર)

વળી જિનદેવના ભક્ત અરિહંતના અતિશયોનું સ્વરૂપ લૌકિકમાં અન્યથા કહેતા નથી. જે ભગવાનના સમોસરણમાં જાય તે ત્યાં ધર્મ પામી જ જાય એવો ભગવાનનો અતિશય છે એ વાત ખોટી છે. જો ભગવાન પાસે આવવાથી બધા ધર્મ પામી જતા હોય તો નિમિત્તથી કાર્ય થયું , પણ એમ બનતું નથી. પણ ત્યાં જઈને જીવ પોતે પોતાના પુરુષાર્થથી ધર્મ સમજે તો આરોપથી ભગવાનને નિમિત્ત કહેવાય છે.

દરેક તત્ત્વ સ્વતંત્ર પરિપૂર્ણ છે. તું સ્વતંત્ર છો, તારે પરની જરૂર નથી—એમ ભગવાન તો દરેક તત્ત્વની સ્વતંત્રતાની જાહેરાત કરે છે. ભગવાન કોઈને તારી દેતા નથી. જો ભગવાન બીજાને તારી શકતા હોય તો એ તો આખા સંસારના સર્વ જીવોને તારી દે અને તેથી સંસારના અભાવનો જ પ્રસંગ આવી પડે. પરંતુ ભગવાન કોઈને તારી શકતા નથી. ભગવાનની વાણી પણ નિમિત્તમાત્ર છે, અને તે પણ જો પોતે સાચું સમજે તો નિમિત્ત કહેવાય છે, નહિતર નિમિત્ત પણ નથી.

ભગવાન જો કોઈને તારી દેતા હોય તો અનંતા ભગવાન થઈ ગયા છતાં તને હજી સુધી કોઈએ કેમ તાર્યો નહીં? ભગવાને તાર્યો નહીં માટે અત્યાર સુધી રખડ્યો એમ નથી, પણ સ્વાશ્રિત સ્વભાવની સાચી સમજણના અભાવે જ અત્યાર સુધી જીવ રખડ્યો છે. એક પણ વાતમાં આડુંઅવળું ચાલે તેમ નથી. એક પણ ન્યાય ઊંધો બેઠો તો આખું તત્ત્વ ઉડી જવાનું છે. સત્‌ને બધા પડખેથી બરાબર સમજવું જોઈએ. ત્રિલોકનાથ તીર્થંકરદેવની પેઢીએ બેસીને તેમની વતી વાત કરવી છે કે ભગવાન આવા છે. આ તો ધર્મનો ધોરી માર્ગ છે, ત્રિકાળી સનાતન ધર્મની ધીખતી પેઢીનો ધોખમાર્ગ છે. સનાતન ધોખમાર્ગ અનાદિથી એક જ પ્રકારે ચાલ્યો આવે છે, તેમાં બીજું ચાલે તેમ નથી.

કોઈ કહે કે ભગવાનની મૂર્તિ જડ છે! તો તેને કહે છે કે હજી તને જડ-ચેતનની ખબર જ ક્યાં પડી છે? જડ શું અને ચેતન શું? એમ એના સ્વરૂપને તો તું જાણતો નથી. તારા બાયડી—છોકરાં પણ જડ જ છે, છતાં તેના ઉપર રાગ કેમ કરે છે? કોઈનો આત્મા

તદ્વત્ ગુણ અંશ કહા મુનીશ !
જાસે ક્ષય હોં મમ પાપ ઈશ ! ૧૦૫

તો બાયડી–છોકરો છે નહીં તેમ જ તેમના આત્માને તું તો જાણતો નથી, માત્ર આ શરીરમાં બાયડી–છોકરાપણું માન્યું છે. હવે એ શરીર તો જડ છે, છતાં તે ઉપર અશુભરાગ કેમ કરે છે? અને જ્યાં દેવની વાત આવે ત્યાં 'મૂર્તિ તો જડ છે' એમ બોલે છે તો તને દેવ-ગુરુની ઓળખાણ જ નથી અને તું તેમનો ભક્ત જ નથી. ભગવાનના ભક્તને પ્રથમ ભૂમિકામાં દેવ-ગુરુ-શાસ્ત્ર પ્રત્યેનો શુભરાગ આવ્યા વગર રહે જ નહીં. તે જીવ જિનદેવની સાચી પ્રતિમા તથા સાચા ગુરુ અને સાચા શાસ્ત્રનો અવિનયાદિ થવા દેતો નથી, તથા તેથી વિરુદ્ધ કુદેવાદિને આદરતો નથી. એ રીતે સાચા દેવ-ગુરુ-શાસ્ત્રને ઓળખીને કુદેવાદિની માન્યતા છોડે છે ત્યારે તો હજી તીવ્ર મિથ્યાત્વનો તે જીવે ત્યાગ કર્યો કહેવાય છે. પૈસાની આશાએ વીતરાગ ભગવાનની ભક્તિ કરે તે ભગવાનનો ભક્ત વ્યવહારે પણ નથી. કોઈ પણ લૌકિક આશાથી સાચા દેવ-ગુરુને માનતો હોય અને કુદેવાદિને ન માનતો હોય તોપણ તે પાપી છે, તેને ગૃહીત મિથ્યાત્વ પણ છૂટ્યું કહેવાય નહીં. વીતરાગી દેવ-ગુરુ તો ધર્મ સમજવા માટેના નિમિત્તો છે, તેને બદલે લૌકિક આશાથી તેમને માને તો તેને પુણ્ય પણ ન થાય, પરંતુ પાપ બાંધે, ધર્મ સમજવો તો ક્યાંય રહ્યો!

વિષય, કષાયાદિના આશ્રય રહિત સાચા દેવાદિકથી સાચી પ્રવૃત્તિ કરવાથી ગૃહીત મિથ્યાત્વ છૂટશે. પહેલાં કુદેવાદિમાં ભક્તિ હતી તેનાથી પણ અધિક ભક્તિ સાચા દેવ-ગુરુને ઓળખીને તેમના પ્રત્યે થઈ છે કે નહીં તેનો તમે તમારા પરિણામમાં વિચાર કરો. જો પહેલાં જેટલું સાચા દેવાદિ માટે ઉમંગથી નથી કરતો તો તને સાચી પ્રીતિ પ્રગટી જ નથી. જો તને જિનદેવની અંતરંગ પ્રીતિ થઈ હશે તો તેનું કાર્ય બહાર દેખાયા વગર રહેશે નહીં. જો તને સાચા દેવ-ગુરુ-ધર્મને માટે તન, મન, ધન ખરચવાનો ઉમંગ ન આવે તો તારું ભવિષ્ય જ ખોટું છે. તને અંતરથી સાચા દેવ-ગુરુ-ધર્મની ભક્તિનો પ્રેમ ઉછળતો નથી તો તું જે કરે છે તે માત્ર લોકોને દેખાડવા ખાતર છે; પણ ભાઈ! સર્વજ્ઞ ભગવાનના જ્ઞાનને તું છેતરી શકીશ નહીં. કદાચ જગતને તું છેતરી શકીશ પણ સર્વજ્ઞદેવને છેતરી શકાશે નહીં; એટલે અહીં એમ કહેવાનો આશય છે કે તારા અંદરના ભાવ કરતાં જુદું ફળ તું મેળવી શકીશ નહિ, તારા ઊંધા ભાવનું સવળું ફળ તને મળશે નહિ. ખરેખર કોઈ પરને છેતરી શકતો જ નથી, પણ પોતાના ભાવને છેતરે છે.

પહેલાં જે કુદેવાદિને માટે તન, મન, ધનથી ઉત્સાહરૂપ પ્રવર્તતો હતો તે હવે સાચા દેવ-ગુરુની ઓળખાણ થતાં તેના કરતાં અધિક ઉત્સાહથી તન-મન-ધન-જ્ઞાન-

| શ્રી મલ્લિનાથ સ્તુતિ | જિન મલ્લિમહર્ષિ પ્રકાશ કિયા,<br>સબ વસ્તુ સુબોધ પ્રત્યક્ષ લિયા; |
| --- | --- |

કાળ-ક્ષેત્ર વગેરે ખર્ચ્યા વગર રહે જ નહિ. સાચા દેવ-ગુરુ-ધર્મ માટે ઉમંગથી તન-મન-ધન ન ખર્ચે અને કહે કે અમે સાચા દેવ-ગુરુને માનીએ છીએ તો તે કપટી છે, તેની વાત ખોટી છે.

પ્રશ્ન :—અમે પહેલેથી કુદેવાદિમાં પણ પ્રીતિ કરી નથી અને કુદેવાદિ માટે પણ ખર્ચ કર્યું નથી, તો હવે અહીં પણ અમે ખર્ચ કરતા નથી તેથી અમને કપટ તો નથી?

ઉત્તર :—છોકરો માંદો પડ્યો હોય ત્યાં કુદેવાદિની માનતા અગર તો દવા કરે તેમાં કોઈ કહે કે રૂા. ૫૦૦૦ ખરચવા પડશે, તો ત્યાં પ્રેમપૂર્વક આનાકાની કર્યા વગર હા પાડે; અને અહીં દેવ-ગુરુ-ધર્મની પ્રભાવના વગેરે કાર્યોમાં જ્યાં તન-મન-ધન ખર્ચવાની વાત આવે ત્યાં બહાના બતાવે કે વીતરાગને તો કાંઈ ખપતું નથી, અને શાસનની પ્રભાવના તો શાસનના પુણ્ય હશે તો થશે, તો એ રીતે ખોટા બહાના વીતરાગમાર્ગમાં ચાલશે નહીં. વીતરાગને કાંઈ ખપતું નથી એ ખરું, પણ તું તારો રાગ ઘટાડને! તને તૃષ્ણા ઘટાડવાની કોણે ના પાડી? સંસારની શોભા ખાતર વેવાઈ—વેવલાને સારું લગાડવા માટે તન-મન-ધન ખર્ચો છો અને અહીં સર્વજ્ઞ વીતરાગદેવ-ગુરુ-ધર્મની ભક્તિ, પ્રભાવના ખાતર તન-મન-ધન ખર્ચવાનો ઉલ્લાસ નથી આવતો તો તમને વીતરાગદેવની શ્રદ્ધા જ નથી.

પ્રશ્ન :—આરંભ—પરિગ્રહના કાર્યોની તો ભગવાને ના પાડી છેને?

ઉત્તર :—તને આરંભ-પરિગ્રહનું ભાન જ કયે દી' હતું? સ્વરૂપમાંથી નીકળીને પરભાવમાં પ્રવૃત્તિ તે જ આરંભ—પરિગ્રહ છે. પોતાના સ્વરૂપની ઊંધી માન્યતા તે પરિગ્રહ છે, ને તે ઊંધી માન્યતાપૂર્વકનું ચારિત્ર તે આરંભ છે. તેથી સ્વરૂપના ભાન વગર આરંભ-પરિગ્રહ અટકાવીશ શી રીતે? આરંભ-પરિગ્રહ બહારમાં નથી પણ પોતાના ભાવમાં છે. સંસાર તરફના અશુભ-પરિણામ તે તીવ્ર આરંભ-પરિગ્રહ છે અને દેવ-ગુરુ પ્રત્યેનો શુભરાગ તે અલ્પ આરંભ-પરિગ્રહ છે. પ્રથમ ભૂમિકામાં દેવ-ગુરુ-ધર્મ પ્રત્યેનો શુભરાગ, ભક્તિ, બહુમાન આવ્યા વગર રહે જ નહીં. દેવ-ગુરુ-ધર્મ પ્રત્યેનો રાગ તે સવારની સંધ્યા સમાન છે, તેની પાછળ પ્રકાશ છે એટલે કે સ્વભાવના જોરે તે શુભરાગને પણ ટાળીને કેવળજ્ઞાનરૂપી સૂર્ય પ્રગટ કરવાનો છે; અને સંસાર સંબંધી કોઈ પણ શુભરાગ (પરજીવની દયા, દાન, વગેરેના ભાવ) તે સાંજની સંધ્યા સમાન છે, તેની પાછળ અંધકાર છે, અર્થાત્ ચૈતન્યસૂર્ય અલ્પકાળમાં અસ્ત થઈ જવાનો છે. તે શુભરાગ કરતી વખતે જ અહંકાર હોવાથી તેનું ફળ ભોગવવા ટાણે અશુભ પરિણામ કરીને હલકી ગતિમાં રખડવાનો છે.　　　　(ક્રમશઃ) ❀



# અનુભવપ્રકાશ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન

(ગતાંકથી આગળ)

## સમાધિ વર્ણન

આત્માના સ્વરૂપમાં એકતા થવી તેનું નામ સમાધિ છે. સ્વભાવ જ્ઞાયક છે, એમાં લીનતા થવી તે મોક્ષમાર્ગ છે, અથવા સર્વથા અંતર્મુખદૃષ્ટિ કરીને એકાગ્ર થવું તે સમાધિ છે. શરીરાદિની ક્રિયા જડ છે અને પુણ્ય-પાપના પરિણામ તે વિકાર છે. આત્મા શુદ્ધ ચૈતન્ય છે, એની દૃષ્ટિપૂર્વક સ્થિરતા થવી તે સમાધિ છે.

આત્માના આનંદની આગળ ઈન્દ્રાદિની સંપદા રોગવત્ લાગે છે. ધર્મીને ઈન્દ્રના ભોગનો અનુભવ પણ દુ:ખરૂપ લાગે છે. આત્માની પ્રીતિમાં ઈન્દ્રના ભોગની વેદના આકુળતા લાગે છે, ત્યાં અનુકૂળતા લાગતી નથી. આત્મા ત્રિકાળ ધ્રુવ શુદ્ધ નિર્મળાનંદ છે, એના આશ્રયે જે આનંદ પ્રગટે એમાં પુણ્ય-પાપની રુચિ તો નથી પણ એના ફળની પણ રુચિ ધર્મીને હોતી નથી. આત્મા જ્ઞાયક છે, એની રુચિથી સ્વભાવમાંથી આનંદ જ વહે છે—દ્રવે છે, દ્રવ્ય પોતે દ્રવે છે—વહે છે, જેને પર્યાયબુદ્ધિ છૂટી ગઈ છે અને દ્રવ્યબુદ્ધિ થઈ છે એ ખરેખર પોતાના સ્વભાવને દ્રવે છે, તેને યથાર્થમાં દ્રવ્ય કહે છે. વિકારને દ્રવે તે આત્મદ્રવ્ય નહિ—એમ કહે છે.

જેમ પાણીનો બરફ હોય છે એમાંથી પાણી વહે છે, તેમ દ્રવ્ય પોતે વહે છે. તે પરિણામ વિષે પરિણમે છે. દ્રવ્યનું લક્ષણ દ્રવવું તે છે. આત્માને દ્રવ્ય કેમ કહ્યું છે? આત્મા ચિદાનંદસ્વરૂપ દ્રવ્ય છે, તે વીતરાગદશારૂપ દ્રવે તો દ્રવ્ય છે. અખંડ જ્ઞાયકસ્વભાવ છે એમ દ્રવે—વહે તો દ્રવ્ય કહેવાય છે. અહીં તો સમાધિનું વર્ણન છે. સમાધિ કોને કહેવાય? કે આત્મદ્રવ્ય પોતે પોતાનો વીતરાગસ્વભાવ જ્ઞાયક અખંડ છે તેને દ્રવે તો દ્રવ્ય કહેવાય છે. પર્યાયબુદ્ધિ છોડીને—શરીરાદિની બુદ્ધિ છોડીને, અખંડ દ્રવ્યની જેને પ્રતીતિ થઈ છે તેનું દ્રવ્ય સ્વભાવને દ્રવે છે. આ સિવાય ક્યાંય ધર્મ નથી. પૈસાથી, શરીરથી તો ધર્મ નથી. કેમકે તે તો પર છે, પણ આત્મામાં દાનાદિના શુભપરિણામ થાય એનાથી પણ ધર્મ નથી. અહીં તો કહે છે કે રાગ અને પરની બુદ્ધિ

> તબ દેવ મનુજ જગ પ્રાણિ સભી,
> કર જોડ નમન કરતે સુખદી. ૧૦૬


છોડીને હું તો શુદ્ધ જ્ઞાયકમૂર્તિ છું—એની દૃષ્ટિ કરી પર્યાયમાં વીતરાગીભાવરૂપ પરિણમે તે દ્રવ્ય છે, કેમકે દ્રવ્ય પોતાની શક્તિથી ગુણને દ્રવે છે. દ્રવ્ય અને ગુણ બંનેમાં દ્રવવાનું લક્ષણ છે. જેવો સિદ્ધમાં આનંદ છે એવો એક અંશે આત્મામાં આનંદ પ્રગટ થવો તે દ્રવ્ય-ગુણમાં અભેદ પરિણામ થતાં થાય છે. એવી એક દેશ સાધકદશા પ્રગટ થતાં પરિષહનું વેદન એને હોતું નથી.

લોકો ધર્મ ધર્મ પોકારે છે પણ ધર્મ ક્યાં અને કેવી રીતે હોય છે એની ખબર નથી. ધર્મ પહાડમાં, પૈસામાં કે શરીરની ક્રિયામાં કે આહારદાનમાં નથી. મંદ કષાયના પરિણામ કરે તો એમાં પણ મોક્ષમાર્ગરૂપ ધર્મ નથી. આત્મા ગુણ દ્વારા શક્તિમાંથી દ્રવે છે. જેને આત્માની રુચિ પ્રગટ થઈને સમ્યક્દર્શન-જ્ઞાન-ચારિત્ર પરિણતિ થઈ તેને પરિષહ અનેક પ્રકારના હોય તોપણ એની વેદના હોતી નથી. જ્યારે આત્માનો અનુભવ છે ત્યારે બાહ્ય વેદનાનો અનુભવ હોતો નથી. આત્મા આનંદકંદ શુદ્ધ છે એની રમણતા થતાં ગમે તેવા પરિષહના ગંજ હોય પણ એનું વેદન હોતું નથી. જેણે ચારિત્રને કષ્ટરૂપ માન્યું છે એ ચારિત્રના સ્વરૂપને સમજતો નથી, તે અજ્ઞાની છે, તે ચારિત્રને ગાળ દે છે, અવર્ણવાદ કરે છે. દેવ-ગુરુ-શાસ્ત્રનો અવર્ણવાદ કરે છે તે દર્શનમોહનીય બાંધે છે. ચારિત્રદશા જેને પ્રગટ થઈ હોય તેને પરિષહની વેદના હોતી નથી. આત્મા જ્ઞાયક ચિદાનંદ છે, એની દૃષ્ટિપૂર્વક સંવર-નિર્જરા થાય છે. ચારિત્ર આનંદમય છે, છતાં એને કષ્ટરૂપ-દુઃખરૂપ માને છે તે મિથ્યાદૃષ્ટિ છે. જ્ઞાનીને જેટલી અંતરસન્મુખદૃષ્ટિ થઈને પર્યાય પ્રગટી છે એટલે શાંતિ તો સદાય હોય છે. પાંચમા ગુણસ્થાને અને છઠ્ઠા ગુણસ્થાને એના કરતાં પણ શાંતિ વધી ગઈ છે. મુનિપણું કષ્ટરૂપ નથી.

આત્મા અનાકુળ અકષાય આનંદરૂપ છે એમાં લીન થતાં મનના સંકલ્પ-વિકલ્પ તૂટી જાય છે. બુદ્ધિપૂર્વક ઉત્થાન થતું નથી. તે આનંદને ધારણ કરી રહ્યો છે, તે સ્વરૂપધારણા છે.

પોતાનો જ્ઞાનઉપયોગ રાગાદિ—પરમાં ઝુકાવ કરતો હતો. પરમાં એકાગ્ર થતો હતો. તેને બદલે આત્મા ચિદાનંદ અચળ વસ્તુ છે, એમાં જેટલો ઉપયોગ જોડ્યો તેટલું પરનું વિસ્મરણ થાય છે. આનું નામ ધર્મ ને મોક્ષનો માર્ગ છે. લોકો બહારમાં ધર્મ માની રહ્યા છે. જ્ઞાનજ્યોતમાં જેટલો ઉપયોગ લીન થયો, સ્વભાવમાં સ્થિર થયો ત્યારે પર ઉપાધિ રહેતી નથી, એટલે નિરુપાધિ સ્વરૂપ પ્રગટે છે તે સમાધિ છે. (ક્રમશઃ) ❊


**જિનકી મૂરતિ હૈ કનકમયી,**
**પ્રસરી ભામંડલ રૂપમયી;**




## શ્રી છ ઢાળા ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન

(ત્રીજી ઢાળ ગાથા ૩)

### વ્યવહાર સમ્યગ્દર્શનનું વર્ણન



પોતાના શુદ્ધઆત્માની શ્રદ્ધારૂપ નિશ્ચય સમ્યગ્દર્શન જ્યાં પ્રગટ્યું હોય ત્યાં વ્યવહાર સમ્યગ્દર્શન કેવું હોય? તે કહે છે—

जीव अजीव तत्त्व अरु आस्रव, बंध रु संवर जानो।
निर्जर मोक्ष कहे जिन तिनको, ज्यों का त्यों सरधानो।।
है सोई समकित व्यवहारी, अब इन रूप बखानो।
तिनको सुन सामान्य-विशेषैं, दिढ़ प्रतीत उर आनो।।३।।

જિનવર ભગવાને જીવ, અજીવ, આસ્રવ, બંધ, સંવર, નિર્જરા ને મોક્ષ એ સાત તત્ત્વો જે પ્રમાણે કહ્યાં છે તે પ્રમાણે શ્રદ્ધા કરવી તે વ્યવહાર સમ્યગ્દર્શન છે. સામાન્યથી તેમજ વિશેષથી તે સાત તત્ત્વનું સ્વરૂપ હવે કહેશું, તે સાંભળીને અંતરમાં તેની દૃઢ પ્રતીતિ કરો.

બીજી ઢાળમાં, મિથ્યાદૃષ્ટિજીવ સાત તત્ત્વોની શ્રદ્ધા બાબતમાં કેવી ભૂલો કરે છે તે બતાવ્યું હતું, ને તે ટાળવાનો ઉપદેશ આપ્યો હતો; અહીં આ ત્રીજી ઢાળમાં, સમ્યગ્દર્શન થતાં સાત તત્ત્વની શ્રદ્ધા કેવી થઈ તે બતાવે છે. અરિહંત પરમાત્મા સિવાય બીજા કોઈ મતમાં સાત તત્ત્વનું યથાર્થ સ્વરૂપ હોય નહીં, એટલે સમ્યગ્દૃષ્ટિજીવ અરિહંત ભગવાનના વીતરાગી માર્ગ સિવાય અન્ય કોઈ કુમાર્ગની શ્રદ્ધા સ્વપ્નેય કરે નહીં. એ વાત તો કુદેવનું સેવન છોડવાના ઉપદેશમાં આવી ગઈ. અહીં તો આત્માનું ભાન કરીને જે જીવ સમ્યગ્દૃષ્ટિ થયો તેને વ્યવહારમાં પણ તત્ત્વોની શ્રદ્ધા કેવી હોય છે—તેનું વર્ણન છે.

નવ તત્ત્વની શ્રદ્ધા ત્યારે જ સાચી થઈ કે જ્યારે પરદ્રવ્યથી ભિન્ન અને રાગાદિ આસ્રવોથી ભિન્ન પોતાના શુદ્ધાત્માની રુચિ કરીને નિશ્ચય સમ્યગ્દર્શન પ્રગટ કર્યું; ત્યારે જ ભૂતાર્થથી નવ તત્ત્વોને જાણ્યા કહેવાય. આવા સમ્યગ્દર્શન વડે ધર્મની શરૂઆત થાય

વાણી જિનકી સત્-તત્ત્વકથક,
સ્યાત્પદપૂર્વે યતિગણરંજક. ૧૦૭

છે. નિશ્ચયસમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર તે શુદ્ધપરિણતિ છે, તે સંવર–નિર્જરા છે, અને વ્યવહાર સમ્યગ્દર્શનાદિમાં શુભરાગ છે, તે આસ્રવ છે. અંતર–અનુભવ સહિત જ્ઞાયક આત્માની પ્રતીતરૂપ જે શુદ્ધ પરિણતિ થઈ તે તો સિદ્ધદશામાંય રહે છે; તેની શરૂઆત ચોથા ગુણસ્થાને થઈ જાય છે. આવા સમ્યગ્દર્શનની સાથે નવ તત્ત્વની વિપરીતતા હોઈ શકે નહીં. તે પુણ્ય-આસ્રવને સંવર–નિર્જરા કે મોક્ષનું કારણ ન માને; તે અજીવતત્ત્વના ભાવોને જીવમાં ન માને. બધા તત્ત્વોને જેમ હોય તેમ જાણે.

જીવ, અજીવ, આસ્રવ, બંધ, સંવર, નિર્જરા ને મોક્ષ એ સાત તત્ત્વો સર્વજ્ઞ ભગવાને જોયા છે અને જિનવાણીમાં તેનો ઉપદેશ છે.

### ❊ *જીવતત્ત્વ* ❊

જગતમાં જીવો અનંત છે. સ્વભાવથી બધા જીવો ભિન્નભિન્ન એકસરખાં છે. પણ અવસ્થા અપેક્ષાએ જીવોના ત્રણ પ્રકાર પડે છે–બહિરાત્મા, અંતરાત્મા અને પરમાત્મા. બહારમાં શરીરને જ આત્મા માનનારા જીવો બહિરાત્મા છે, એવા જીવો અનંતા છે. અંતરમાં દેહથી ભિન્ન આત્માને જાણનારા જીવો તે અંતરાત્મા છે, તેના અનેક પ્રકાર છે; આવા અંતરાત્મા જીવો અસંખ્યાતા છે. સર્વજ્ઞ પરમપદને પામેલા જીવો તે પરમાત્મા છે;—તેના બે પ્રકાર–અરિહંત અને સિદ્ધ; સિદ્ધપરમાત્મા અનંતા છે, અરિહંતપરમાત્મા લાખો બિરાજે છે. આવા ભેદ સહિત જીવતત્ત્વ તે વ્યવહાર-સમ્યગ્દર્શનનો વિષય છે. નિશ્ચયસમ્યગ્દર્શનમાં પોતાના શુદ્ધજીવની નિર્વિકલ્પ પ્રતીત છે, તેમાં કોઈ ભેદો નથી. ભેદને જાણતી વખતે પણ સમકિતી જીવ એકલા ભેદમાં જ નથી રોકાતા, અભેદ શુદ્ધઆત્માને લક્ષમાં રાખીને ભેદને જાણે છે. કેવળજ્ઞાન વગેરે પર્યાયો થવાનું સામર્થ્ય શુદ્ધઆત્મામાં ભરેલું છે, તેથી શુદ્ધઆત્માની પ્રતીતમાં એ બધું સમાઈ જાય છે. શુદ્ધઆત્માની પ્રતીતમાં પરમાત્માની પ્રતીત પણ સમાઈ ગઈ. આત્માના શુદ્ધ સ્વભાવને અનુભવમાં લીધો ત્યાં અરિહંતભગવાન અને સિદ્ધભગવાનને ઓળખી લીધા.

### ❊ *અજીવ તત્ત્વ* ❊

અજીવના મુખ્ય પાંચ પ્રકાર–પુદ્ગલ, ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશ અને કાળ. તેમાં પુદ્ગલપરમાણુઓ અનંતા છે; આ શરીર વગેરે જે કોઈ પદાર્થો ઇંદ્રિયગમ્ય છે તે બધાય અજીવ પુદ્ગલની રચના છે, તે જીવની રચના નથી. બીજાં ચાર

**જિન આગે હોઈ ગલિત માના,**<br>
**એકાન્તી તજૈં વાદ થાના;**

અજીવતત્ત્વો સૂક્ષ્મ–અરૂપી છે. આ જીવતત્ત્વ અને અજીવતત્ત્વને ભિન્નભિન્ન જાણવા; અજીવના કોઈ પ્રકારોને જીવમાં ન ભેળવવા, ને જીવનો કોઈ પ્રકારને અજીવમાં ન ભેળવવો. જ્ઞાન તે જીવનો ગુણ છે, તે ઇંદ્રિયોનો ગુણ નથી, જડઇંદ્રિયો વડે જ્ઞાન થતું નથી. આટલું તો વ્યવહારશ્રદ્ધામાં આવી જાય છે. આમાં પણ જેને વિપરીતતા હોય તેને તો વ્યવહાર તત્ત્વશ્રદ્ધા પણ સાચી નથી. જીવ–અજીવ વગેરે તત્ત્વો ભિન્નભિન્ન જેમ છે તેમ જાણ્યા વગર વીતરાગવિજ્ઞાન થાય નહીં ને મોક્ષમાર્ગ હાથમાં આવે નહીં. અરે, એકલા વ્યવહાર તત્ત્વના પ્રકારોને જાણે તોપણ મોક્ષમાર્ગ હાથમાં આવતો નથી. શુદ્ધનય વડે અંતરમાં પોતાના અખંડ ચૈતનારૂપ શુદ્ધઆત્માને સ્વવિષય બનાવ્યા વગર, પરવિષયોનું જ્ઞાન સાચું થાય નહીં એટલે કે સાચો વ્યવહાર હોય નહીં. સ્વના જ્ઞાન વગરના પરના જ્ઞાનને વ્યવહાર પણ કહેતા નથી. મોક્ષમાર્ગમાં નિશ્ચય-સહિતના વ્યવહારની આ વાત છે, એટલે સ્વનું સાચું જ્ઞાન ભેગું રાખીને પરના જ્ઞાનની વાત છે સ્વને જાણ્યા વગર એકલા પરને જાણવા જાય તો તે પરમાં એકત્વબુદ્ધિરૂપ મિથ્યાત્વ થઈ જાય છે, કેમકે પોતાનું પરથી ભિન્ન અસ્તિત્વ છે તે તો જ્ઞાનમાં કે પ્રતીતમાં આવ્યું નથી.

### ✻ *આસ્રવ તથા બંધ તત્ત્વ* ✻

મિથ્યાત્વાદિ ભાવો વડે કર્મનો આસ્રવ તથા બંધ થાય છે; પાપ અને પુણ્ય તે પણ આસ્રવ તથા બંધમાં સમાય છે. પુણ્ય-પાપ વગેરે આસ્રવ છે તેને આસ્રવરૂપે જાણવા, પણ તેને સંવરમાં ન ભેળવવા, તે આસ્રવતત્ત્વની શ્રદ્ધા છે. આસ્રવનો કોઈ પ્રકાર જીવને હિતરૂપ નથી, કે તે મોક્ષનું કારણ નથી એમ જાણવું જોઈએ. જો કોઈ પ્રકારના આસ્રવને હિતરૂપ માને તો તે જીવને આસ્રવતત્ત્વની શ્રદ્ધા સાચી નથી. અશુભ કે શુભ એ બંને પ્રકારના બંધન છોડવા જેવા છે, તેમાંથી એક્કેય સારાં નથી. શુભરાગ પણ જીવને બંધનું જ સાધન છે, તે કાંઈ મોક્ષનું સાધન નથી. નવ તત્ત્વની સાચી ઓળખાણ કરે તેને પુણ્યની મીઠાશ રહે નહીં; પુણ્યને પણ તે છોડવા જેવું સમજે.


### ✻ *સંવર તત્ત્વ* ✻

સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ વીતરાગભાવ વડે કર્મોનો સંવર થાય છે. આત્માની શુદ્ધતા થતાં અશુદ્ધતા અને કર્મો અટકી જાય છે. કઈ ભૂમિકામાં કેટલા અંશે સંવર હોય, ત્યાં કેવા નિમિત્ત હોય ને કેવા નિમિત્ત છૂટી જાય તે ઓળખવું જોઈએ; તેમાં વિપરીતતા

(જુઓ અનુસંધાન પેજ નં. ૨૭ ઉપર)

**વિકસિત સુવરણ અમ્બુજ દલસે,**
**ભૂ ભી હંસતી પ્રભુપદ તલસે. ૧૦૮**


# ધન્ય તે મુનિવરા



આત્માના ગુણની ચૌદ ભૂમિકા છે, તેમાં ચોથી ભૂમિકામાં અપૂર્વ આત્મસાક્ષાત્કાર, નિર્વિકલ્પ અનુભવ થાય છે, ત્યાં યથાર્થ સ્વરૂપનું જ્ઞાન થાય છે. પછી અંશે સ્થિરતા વધે તે પાંચમી ભૂમિકા છે. અંતર્જ્ઞાનમાં વિશેષ સ્થિર થઈ, કષાયની ત્રણ ચોકડીનો અભાવ કરી, નિર્વિકલ્પ ધ્યાનદશા પ્રગટે તેને અપ્રમત્ત નામે સાતમી ભૂમિકા કહે છે, પછી સવિકલ્પદશા આવે તેને છઠ્ઠું પ્રમત્તગુણસ્થાન કહે છે. મુનિ આ બે દશા વચ્ચે વારંવાર ઝૂલ્યા કરે છે.

નિર્વિકલ્પદશામાં જો વિશેષ કાળ ટકે તો મુનિ અંતર્મુહૂર્તમાં કેવળજ્ઞાન પ્રાપ્ત કરે છે. એમ ન થાય ત્યાં સુધી હજારો વાર છઠ્ઠી-સાતમી ભૂમિકા બદલ્યા કરે છે. ત્રણે કાળે મુનિદશા આવી જ હોય છે. તે મુનિદશા બાહ્ય તેમજ અભ્યંતર પરિગ્રહથી રહિત હોય છે, આત્મજ્ઞાન સહિત નગ્ન-દિગંબરપણું હોય છે. સાતમે ગુણસ્થાને બુદ્ધિપૂર્વક વિકલ્પો છૂટી જાય છે. અને આત્મસ્વરૂપની સ્થિરતામાં તદ્દન નિર્વિકલ્પ આનંદમાં લીન થઈ જાય છે, ત્યાં ક્ષણે ક્ષણે સાક્ષાત્ સિદ્ધ પરમાત્મા જેવો આનંદ અંશે અનુભવાય છે. 'હું આત્મા છું, શુદ્ધ આનંદસ્વરૂપ છું' એવા વિકલ્પ પણ ત્યાં હોતા નથી, માત્ર સ્વસંવેદન હોય છે—આવી સ્થિતિ-સાધકદશા ભગવાન કુંદકુંદાચાર્યદેવની હતી. ક્ષણે પ્રમત્ત અને ક્ષણે અપ્રમત્તદશામાં તેઓ ઝૂલતા હતા.

આચાર્યદેવને કેવળજ્ઞાન પ્રગટ થવામાં સંજ્વલન કષાયનો અંશ જીતવાનો બાકી રહ્યો છે. ક્ષણમાં છઠ્ઠી ભૂમિકામાં આવતા આત્મસ્વભાવની વાત કરે છે, ને ક્ષણમાં તે શુભ વિકલ્પ તૂટીને સાતમી ભૂમિકામાં માત્ર અતીન્દ્રિય આત્માનંદમાં ઠરે છે, આવી તે ઉત્કૃષ્ટ સાધકદશા છે; તે તેમનો નિજવૈભવ છે. તે નિજવૈભવથી તેઓ આત્માનું વાસ્તવિક સ્વરૂપ જગતને કહે છે કે જ્ઞાયક નિત્ય એકરૂપ ચૈતન્યજ્યોતિ છે, તે વર્તમાન ક્ષણિક અવસ્થાના કોઈ ભેદરૂપે નથી પણ કેવળ જ્ઞાયકપણે શુદ્ધ છે, અખંડ એકાકાર જ્ઞાયકસ્વભાવમાં અપ્રમત્ત-પ્રમત્તના ભેદ પરમાર્થે નથી. સમયસાર પ્રવચન પૃ. ૧૫૭-૫૮



# પૂજ્ય ગુરુદેવશ્રીની સાથે રાત્રિ સમયે થયેલી તત્ત્વચર્ચા

*પ્રશ્ન :—સમ્યગ્દર્શન અને આત્મા ભેદરૂપ છે કે અભેદરૂપ ?*

ઉત્તર :—સમ્યગ્દર્શનાદિ નિર્મળપર્યાય અને આત્મા અભેદ છે. રાગને અને આત્માને તો સ્વભાવભેદ છે. આ સમ્યગ્દર્શન અને શુદ્ધઆત્મા અભેદ છે, પરિણતિ સ્વભાવમાં અભેદ થઈને પરિણમી છે, આત્મા પોતે અભેદપણે તે પરિણતિરૂપે પરિણમ્યો છે તેમાં ભેદ નથી. વ્યવહાર સમ્યગ્દર્શન જે વિકલ્પરૂપ છે તે કાંઈ આત્મા સાથે અભેદ નથી.

*પ્રશ્ન :—દૃષ્ટિના વિષયમાં વર્તમાન પર્યાય ભેગી આવે છે કે નહિ ?*

ઉત્તર :—દૃષ્ટિના વિષયમાં એકલું ધ્રુવદ્રવ્ય જ આવે છે. પર્યાય તો દ્રવ્યનો વિષય કરે છે, પણ પર્યાય ધ્રુવદ્રવ્યમાં ભેગી આવતી નથી કેમ કે તે વિષય કરનાર છે વિષય અને વિષયી બે જુદા છે.

*પ્રશ્ન :—દ્રવ્યદૃષ્ટિને આલંબન કોનું ?*

ઉત્તર :—દ્રવ્યદૃષ્ટિ શુદ્ધ અંતઃતત્ત્વને જ અવલંબે છે. નિર્મળ પર્યાય પણ બહિર્તત્ત્વ છે. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની નિર્મળ પર્યાય તે પણ બહિર્તત્ત્વ છે, તેનું આલંબન દ્રવ્યદૃષ્ટિમાં નથી. સંવર-નિર્જરા-મોક્ષ પણ પર્યાય છે, તેથી તે વિનાશીક હોવાથી બહિર્તત્ત્વ છે. તેનું આલંબન દ્રવ્યદૃષ્ટિને નથી. શરીર-મન-વાણી-કુટુંબ કે દેવ-શાસ્ત્ર-ગુરુ એ તો પરદ્રવ્ય હોવાથી બહિર્તત્ત્વ છે જ અને દયા-દાન-વ્રત-તપ આદિના પરિણામ—એ પણ વિકાર હોવાથી બહિર્તત્ત્વ છે જ પણ અહીં તો જે શુદ્ધ નિર્મળ પર્યાય–સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રના પરિણામ છે તે પણ ક્ષણિક અનિત્ય એક સમય પૂરતાં ટકતા હોવાથી ધ્રુવતત્ત્વ–અંતઃતત્ત્વની અપેક્ષાએ પણ બહિર્તત્ત્વ છે તેથી તેનું આલંબન લેવા જેવું નથી.

*પ્રશ્ન :—સમ્યગ્દર્શનનો વિષય શું છે ?*

ઉત્તર :—સમયસાર ગાથા ૧૩માં, નવ તત્ત્વરૂપ પર્યાયોમાં અન્વયપણે રહેલું ભૂતાર્થ એકરૂપ સામાન્ય ધ્રુવ તે સમ્યગ્દર્શનનો વિષય છે એમ કહ્યું છે. પંચાધ્યાયી (અધ્યાય ૨)માં પણ કહ્યું છે કે ભેદરૂપ નવ તત્ત્વમાં સામાન્યરૂપે રહેલું એટલે કે ધ્રુવરૂપે રહેલું તે જીવનું શુદ્ધ ભૂતાર્થસ્વરૂપ છે. આ રીતે ભેદરૂપ નવ તત્ત્વોથી ભિન્ન શુદ્ધ જીવને

બતાવી તેને સમ્યગ્દર્શનનો વિષય એટલે કે ધ્યેયરૂપ બતાવેલ છે.

જીવની શ્રદ્ધાપર્યાય ધ્યેયભૂત સામાન્ય ધ્રુવ દ્રવ્યસ્વભાવ તરફ ઢળે છે ત્યારે જ સમ્યગ્દર્શન અને નિર્વિકલ્પ સ્વાનુભવ થાય છે. તે વખતે દર્શન-જ્ઞાન-ચારિત્ર આદિ સર્વ ગુણોના પરિણામ (—પર્યાય) સ્વભાવ સન્મુખ ઢળે છે; માત્ર શ્રદ્ધા—જ્ઞાનના જ પરિણામ ઢળે છે એમ નથી. "XXX वहाँ सर्व परिणाम उस रूपमें एकाग्र होकर प्रवर्तते हैं XXX,"(પં. ટોડરમલ્લજીની રહસ્યપૂર્ણ ચિઠ્ઠી.)

*પ્રશ્ન :—ધ્રુવસ્વભાવની સાથે નિર્મળ પર્યાય અભેદ કરી દૃષ્ટિનો વિષય માનવાથી શું આપત્તિ થાય?*

ઉત્તર :—ધ્રુવ દ્રવ્યસ્વભાવ સાથે નિર્મળ પર્યાય ભેળવવાથી દૃષ્ટિનો વિષય થાય છે એમ માનનાર, વ્યવહારથી નિશ્ચય થવાનું માનનારની જેવા જ, મિથ્યાદૃષ્ટિ છે; એનું જોર પર્યાય ઉપર છે ધ્રુવસ્વભાવ ઉપર નથી.

સમ્યગ્દર્શનના વિષયમાં દ્રવ્ય સાથે ઉત્પાદરૂપ નિર્મળ પર્યાયને ભેગી લેવાથી તે નિશ્ચયનયનો વિષય ન રહેતાં પ્રમાણનો વિષય થઈ જાય છે, અને પ્રમાણ પોતે સદ્ભૂત વ્યવહારનો વિષય છે. નિશ્ચયનયનો વિષય અભેદ એકરૂપ દ્રવ્ય છે, પ્રમાણની જેમ ઉભય-અંશગ્રાહી નથી. જો પર્યાયને દ્રવ્ય સાથે ભેળવવામાં આવે તો તે, નિશ્ચયનયનો વિષય ત્રિકાળી સામાન્ય છે તે રહેતો નથી, પણ પ્રમાણનો વિષય થઈ જતો હોવાથી, દૃષ્ટિમાં ભૂલ છે, વિપરીતતા છે.

અનિત્ય તે નિત્યને જાણે છે; પર્યાય તે દ્રવ્યને જાણે છે, પર્યાયરૂપ વ્યવહાર છે તે નિશ્ચયરૂપ ધ્રુવદ્રવ્યને જાણે છે; ભેદ છે તે અભેદ દ્રવ્યને જાણે છે; પર્યાય તે જાણનાર એટલે કે વિષયી છે ને ત્રિકાળી ધ્રુવ દ્રવ્ય તે (જાણનાર પર્યાયનો) વિષય છે. જો દ્રવ્યની સાથે નિર્મળ પર્યાયને ભેળવીને નિશ્ચયનયનો વિષય કહેવામાં આવે તો વિષય કરનાર પર્યાય તો કોઈ જુદી રહી નહીં. જો પર્યાયને વિષય કરનાર તરીકે દ્રવ્યથી જુદી લેવામાં આવે તો જ વિષય-વિષયી બે ભાવ સિદ્ધ થઈ શકે છે; પરંતુ અન્યથા માનવાથી મહા વિપરીતતા થાય છે.

શ્રુતજ્ઞાનની પર્યાય તે પ્રમાણજ્ઞાન છે. પ્રમાણજ્ઞાન પોતે પર્યાય હોવાથી વ્યવહાર છે. વીતરાગી પર્યાય પોતે વ્યવહાર છે; પરંતુ તેણે ત્રિકાળી દ્રવ્યરૂપ નિશ્ચયનો આશ્રય લીધો હોવાથી તે નિર્મળ પર્યાયને નિશ્ચયનય કહ્યો છે, પણ તે પર્યાય હોવાથી છે તો વ્યવહાર. શાસ્ત્રનું તાત્પર્ય વીતરાગતા છે. પરનું લક્ષ છોડી, રાગનું લક્ષ છોડી, પર્યાયનું લક્ષ છોડી, ત્રિકાળી દ્રવ્યનું લક્ષ કરે ત્યારે વીતરાગતા પ્રગટે છે; જો ત્રિકાળી દ્રવ્યરૂપ ધ્યેયમાં પર્યાયને ભેગી લે તો, એ વાત રહેતી નથી. (ક્રમશઃ) ❋



# પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રીની ગુરુભક્તિપૂર્ણ આધ્યાત્મિક તત્ત્વચર્ચા

***પ્રશ્ન :—*** *શાસ્ત્રભાષાથી કહીએ કે પ્રગટ કરવાની અપેક્ષાએ પર્યાય ઉપાદેય છે. પરંતુ આપે જે કહ્યું તેનાથી સ્પષ્ટીકરણ બહુ સરસ થયું. સાધનામાં સાધકને આવાં પરિણામ આવે છે તે બહુ સરસ વાત કરી. તે વિશેષ સમજાવશોજી.*

***સમાધાન :—***સાધનામાં આવાં પરિણામ સાથે હોય જ. તેની દૃષ્ટિ જ્ઞાયક ઉપર સ્થપાયેલી રહે છે. દૃષ્ટિ જ્ઞાયકથી છૂટી પડતી નથી. હું જ્ઞાયક છું એમ જ્ઞાયકનું જે અસ્તિત્વ ગ્રહણ કર્યું છે, વિભાવથી ન્યારો, અધૂરી કે પૂર્ણ પર્યાય જેટલો પણ હું નહિ તથા ગુણના ભેદ પણ મારામાં નથી એવી જે દૃષ્ટિ જ્ઞાયક ઉપર સ્થપાણી તે (તેની) દૃષ્ટિ ત્યાંથી ખસતી જ નથી. છતાં તેને જ્ઞાનમાં ખ્યાલ છે કે આ વિભાવ ઊભો છે, હજી અધૂરી પર્યાય છે, સ્વભાવનું વેદન અંશે થાય છે. સ્વાનુભૂતિની દશા પ્રગટી છે; જ્ઞાયકની સવિકલ્પ ધારામાં અંશે શાંતિનું વેદન થાય છે, પણ હજી તે પૂરું નથી—અધૂરું છે; વિકલ્પની, વિભાવની બધી જાળ હજી ઊભી છે એમ તે જાણે છે ને તે વિભાવથી પોતાની પરિણતિને છૂટી પાડતો પુરુષાર્થ કરતો જાય છે. દૃષ્ટિની સાથે વિભાવથી છૂટવાના પુરુષાર્થની દોરી સાથે ને સાથે રાખે છે. વિભાવમાં એકત્વ થતું નથી અને તેની જેટલી ઉગ્રતા થાય છે તે પ્રમાણે પુરુષાર્થ કરતો જાય છે.

આમ પુરુષાર્થ કરતાં-કરતાં તેની ભૂમિકા પલટાઈ જાય છે. ચોથી ભૂમિકા પછી પાંચમું ગુણસ્થાન, પછી છઠ્ઠા—સાતમાની ભૂમિકામાં તે પોતાના સ્વભાવની દોરીને વધારે ખેંચતો હોવાથી જ્ઞાનની ઉગ્રતા, જ્ઞાતાધારાની તીખાશ અને વિરક્તિ વધતી જાય છે. સ્વભાવની એકદમ નિર્મળતા થતી જાય છે ને સ્વાનુભૂતિની દશા વધતી જાય છે. તેની દૃષ્ટિ ચાલુ છે ને પુરુષાર્થની દોરી પણ સાથે ને સાથે ચાલુ જ છે.

***પ્રશ્ન :—*** *જ્ઞાનનું ફળ વિરતિ છે, તો મુમુક્ષુની ભૂમિકામાં થોડું વિભાવથી રહિત થવું જોઈએ ને?*

જિન-ચંદ્ર વચન કિરણે ચમકૈં,
ચહું ઓર શિષ્ય યતિગ્રહ દમકૈં;

***સમાધાન :***—યથાર્થ જ્ઞાન પ્રગટે, જ્ઞાયકની ધારા પ્રગટે તેનું ફળ વિરતિ છે તેથી જેને જ્ઞાયકની ધારા પ્રગટે તેને વિરક્તિ આવી જાય છે, તે વિભાવથી છૂટો પડી જાય છે, અનંતાનુબંધી કષાયો તૂટીને અંશે સ્વરૂપરમણતા પ્રગટે છે. જ્ઞાનનું ફળ વિરતિ છે. તે કારણે જ્ઞાયકની ધારા પ્રગટે છે તેમાં તેને અમુક અંશે વિભાવ છૂટી જાય છે. મુમુક્ષુ ભૂમિકામાં જ્યાં જિજ્ઞાસા પ્રગટ થઈ ત્યાં તે વિચાર-વાંચન કરે તેની સાથે તેને અમુક વૈરાગ્યાદિ હોય જ છે, ન હોય તો તેટલી રુચિ જ નથી. આત્મા તરફ રુચિ જાય અને વિભાવનો રસ ન છૂટે તો તેને તત્ત્વની રુચિ જ નથી. વિભાવનો રસ છૂટવો જ જોઈએ. જ્ઞાયકની ધારા પ્રગટે તે યથાર્થ વિરતિ છે. જિજ્ઞાસુને અભ્યાસમાં આત્માની રુચિ જાગે તેને વિભાવનો રસ છૂટવો જ જોઈએ. તે તત્ત્વ વિચાર કરે, વાંચન કરે પણ અંદરથી એટલો વૈરાગ્ય ન આવે તો યથાર્થ રુચિ જ નથી. રુચિ સાથે તેને થોડી વિરક્તિ અને અંદરથી વિભાવનો રસ છૂટી જવો જોઈએ.

પ્રશ્ન :—શ્રીમદ્જીમાં આવે છે કે સર્વભાવથી વિરામ પામવારૂપ સંયમ તે દ્રવ્યાનુયોગ પરિણમ્યાનું મૂળ છે એ કોઈ કાળે ભૂલીશ નહિ. ત્યાં શું કહેવું છે?

***સમાધાન :***—જેને દ્રવ્યાનુયોગ યથાર્થ પરિણમી ગયો. તેને સંયમ ક્રમે ક્રમે આવી જ જાય છે. તેને સ્વરૂપરમણતા પ્રગટ થઈ ચારિત્ર પ્રગટે છે. મુમુક્ષુ દશામાં અમુક પ્રકારે તેને બહારથી રુચિ છૂટી જાય છે. વૈરાગ્ય આવી જાય છે.

***પ્રશ્ન :***—*અર્પણતા એટલે શું?*

***સમાધાન :***—અર્પણતામાં બધા આગ્રહો છૂટી જવા જોઈએ, આગ્રહોના નાંગળા ઢીલા થઈ જાય તો અર્પણતા થાય. અર્પણતામાં બધા આગ્રહો–કે હું કાંઈ જાણું છું તે છૂટી જવું જોઈએ. કોઈ જાતની પક્કડ ન રહેવી જોઈએ.

***પ્રશ્ન :***—*નિર્ણય કરીએ અને અમુક સમયે નિર્ણય છૂટી જાય તેનું કારણ શું?*

***સમાધાન :***—રુચિ ન હોય તો નિર્ણય થઈને છૂટી જાય. રુચિ પ્રબળ હોય તો એમ ને એમ નિર્ણય ટકાવી રાખે અને તેનો નિર્ણય આગળ કાર્ય કરે કે આ હું છું–આ હું નથી. એમ રુચિ હોય તો નિર્ણય તેનું દૃઢતાપૂર્વક કાર્ય કર્યા કરે. આવું તેને પ્રથમ અભ્યાસરૂપ હોય. આ હજી યથાર્થ નથી, પણ તેનો અભ્યાસ કરતાં–કરતાં યથાર્થ થવાનો અવકાશ છે.

(ક્રમશઃ) ❊

**નિજ આત્મતીર્થ અતિ પાવન હૈ,**
**ભવસાગર-જન ઇક તારન હૈ. ૧૦૯**

(અનુસંધાન પેજ નં. ૮ થી ચાલુ) (પ્રવચનસાર પ્રવચન)

(૫) જ્ઞાનસ્વભાવના આશ્રયે ઉપજતું અતીન્દ્રિય સુખ સ્થિર, હાનિવૃદ્ધિ વગરનું એકધારું છે. એવા જ્ઞાનસ્વભાવની રુચિ નહિ કરતાં પુણ્યની રુચિ કરવાથી ઉપજતું ઈન્દ્રિયસુખ ઘડીમાં વધે છે ને ઘડીમાં ઘટે છે, એકધારું રહેતું નથી. આવી રીતે ઈન્દ્રિય સુખ દુઃખ જ છે માટે પુણ્ય પણ પાપની જેમ દુઃખનું સાધન છે. (ક્રમશઃ)

(અનુસંધાન પેજ નં. ૧૩ થી ચાલુ) (અધ્યાત્મ સંદેશ)

આનંદ હતો...આવી શાંતિ હતી, આવું જ્ઞાન હતું... આવો વૈરાગ્યભાવ હતો... આવી એકાગ્રતા હતી... આવો પ્રયત્ન હતો...' એમ તેના સ્મરણ વડે ચિત્તને એકાગ્ર કરીને ધર્મી જીવ ફરીને તેમાં પોતાના પરિણામને જોડે છે. સ્વાનુભવ વખતે કાંઈ એવા સ્મરણ વગેરેને વિચારો નથી હોતા, પણ પહેલાં એવા વિચારો વડે ચિત્તને એકાગ્ર કરે છે, એટલે એવા પ્રકારના સ્મૃતિ–અનુમાન–આગમ વગેરે પૂર્વક (પછી તે વિચાર છૂટીને) સ્વાનુભવ થાય છે. વિચાર વખતે જે મતિ–શ્રુત–જ્ઞાન હતા તે જ મતિ–શ્રુતજ્ઞાન વિકલ્પ છૂટીને સ્વાનુભવમાં આવ્યા, એટલે સ્વાનુભવમાં મતિ–શ્રુતજ્ઞાન છે એમ અહીં બતાવવું છે. મતિ–શ્રુતજ્ઞાને આત્માનું જે સ્વરૂપ જાણ્યું તેમાં જ તે મગ્ન થાય છે; તેમાં જાણપણાની અપેક્ષાએ ફેર નથી પણ પરિણામની મગ્નતાની અપેક્ષાએ ફેર છે.

મતિ–શ્રુતજ્ઞાન જ્યારે અંતરમાં ઉપયોગ મુકીને સ્વાનુભવ કરે છે ત્યારે તે નિર્વિકલ્પદશામાં કોઈ અપૂર્વ આનંદ અનુભવાય છે. જાણપણા અપેક્ષાએ ભલે ત્યાં વિશેષતા ન હોય પણ આનંદનો અનુભવ વગેરે અપેક્ષાએ તેમાં જે વિશેષતા છે, તે હવે પ્રશ્ન–ઉત્તર દ્વારા બતાવે છે. (ક્રમશઃ) ❋

(અનુસંધાન પેજ નં. ૨૧ થી ચાલુ) (છઢાળા પ્રવચન)

ન હોવી જોઈએ જેમ મુનિદશામાં વીતરાગભાવથી એટલો બધો સંવર થઈ ગયો છે કે ત્યાં વસ્ત્રના પરિગ્રહની વૃત્તિ જેટલો આસ્રવભાવ હોતો નથી, ને નિમિત્તરૂપે વસ્ત્રગ્રહણાદિ હોતું નથી. આનાથી જે વિપરીત માને તેને મુનિના સંવરની ખબર નથી, સંવરદશાવાળા મુનિને તેણે ઓળખ્યા નથી. એ જ રીતે સમ્યગ્દર્શન થાય ત્યાં માંસાહારાદિ જેવી પાપવૃત્તિ હોય જ નહીં એટલે તેવો પાપાસ્રવ પણ ત્યાં હોય જ નહીં.–એવી સંવરદશા ત્યાં હોય છે. (ક્રમશઃ) ❋

**જિન શુક્લ ધ્યાન તપ અગ્નિ બલી,**
**જિસસે કર્મોંધ અનંત જલી;**

## શ્રી બૃહદ્ મુંબઈ દિગંબર જૈન મુમુક્ષુ મંડળ દ્વારા આયોજિત
## પ્રશમમૂર્તિ ભગવતી માતા પૂજ્ય બહેનશ્રીના
## ૧૧૨મા મંગલ જન્મોત્સવની ઉજવણી સાનંદ સંપન્ન

આપણા પરમ તારણહાર પૂજ્ય ગુરુદેવશ્રી તેમજ ભગવતી માતા પૂજ્ય બહેનશ્રીના અધ્યાત્મસાધનાતીર્થ સુવર્ણપુરીમાં શ્રી બૃહદ્ મુંબઈ દિગંબર જૈન મુમુક્ષુ મંડળ દ્વારા આયોજિત પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રીનો ૧૧૨મો મહામંગલકારી જન્મોત્સવ (તા. ૭-૮-૨૦૨૫ ગુરુવારથી તા. ૧૧-૮-૨૦૨૫ સોમવાર) સુધી અત્યંત હર્ષોલ્લાસપૂર્વક ઉજવવામાં આવ્યો હતો. મહોત્સવના પ્રથમ દિવસે સુવર્ણપુરી સવારે પૂજ્ય ગુરુદેવશ્રીના માંગલિક પૂજ્ય બહેનશ્રીની વિડિયો તત્ત્વચર્ચાથી મહોત્સવનો શુભારંભ થયો.

### ઉત્સવનો દૈનિક કાર્યક્રમ

૧૧૨મા જન્મોત્સવ પ્રસંગે શ્રી સુવર્ણપુરીતીર્થ વિધાન પૂજાનું આયોજનમાં પૂજન મંડપમાં કરવામાં આવ્યું હતું. જેમાં સુવર્ણપુરીના મંદિરોની પ્રતિકૃતિ મૂકવામાં આવી હતી જે મનમોહક પ્રતીત થતી હતી. વિધિ અધ્યક્ષ તરીકે વિદેહીનાથ શ્રી સીમંધર ભગવાન અને સહ વિધિઅધ્યક્ષ તરીકે શ્રી મહાવીર ભગવાન અને ધાતુકીખંડના ભાવી તીર્થંકરને બિરાજમાન કરવામાં આવ્યા હતા. દરેક પૂજાની જયમાલામાં મંદિર સંબંધીનો ઈતિહાસ વર્ણવવામાં આવેલ છે. આયોજક દ્વારા મુમુક્ષુઓ માટે પૂજનની ખૂબ જ સુંદર વ્યવસ્થા કરવામાં આવેલ હતી.

મહોત્સવના દિવસોમાં સવારે ૫.૪૫ થી ૬.૦૦ માંગલિક તથા સુવર્ણપુરી જયમાલા ૬.૦૦ થી ૬.૨૦ પૂજ્ય બહેનશ્રીની તત્ત્વચર્ચા, ૭.૪૫ થી ૮-૪૫ શ્રી સુવર્ણપુરી વિધાન પૂજા, ૯.૦૦ થી ૧૦.૦૦ પૂજ્ય ગુરુદેવશ્રીનું શ્રી સમયસારજી ઉપર સીડી પ્રવચન ત્યારબાદ પૂજ્ય બહેનશ્રીની ભક્તિ, પ્રાસંગિક જાહેરાત તથા સમાગત વિદ્વાનો દ્વારા ત્રણકક્ષાના ધાર્મિક શિક્ષણવર્ગ. બપોરના ૩-૦૦ થી ૪-૦૦ પૂજ્ય ગુરુદેવશ્રીનું શ્રી નિયમસાર ઉપર પ્રવચન, ૪.૦૦ થી ૪.૩૦ જિનેન્દ્રભક્તિ. ૪.૩૦ થી ૫.૧૫ વિદ્વાનો દ્વારા ધાર્મિક શિક્ષણ વર્ગ. સાંજે ૬-૪૫ થી ૭-૩૦ સાંજી ભક્તિ મંડપમાં, રાત્રે ૭-૪૫ થી ૮-૪૫ બહેનશ્રીનાં વચનામૃત ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન ત્યારબાદ સાંસ્કૃતિક કાર્યક્રમ. આ પ્રમાણે દૈનિક કાર્યક્રમ સુચારુરૂપથી ચાલતો હતો. સાંસ્કૃતિક કાર્યક્રમમાં પ્રથમ દિવસે બ્રહ્મચારી બહેનો દ્વારા પૂજ્ય બહેનશ્રીનો ગુણાનુવાદ, બીજા દિવસે પૂજ્ય બહેનશ્રીની જીવનગાથા જેને બ્ર. કોકિલાબેન દ્વારા ભાવવાહી રીતે વર્ણન કરવામાં આવ્યું હતું. ત્રીજે દિવસે પ્રથમ પાઠશાળાના બાળકો દ્વારા ખૂબ જ સુંદર મંગલાચરણ પ્રસ્તુત કર્યું હતું ત્યાર બાદ મલાડ મંડળ દ્વારા 'સોનાનો ગઢ તે મારો શુદ્ધાત્મા' નાટક નૂતન સંકલ્પના સાથે પ્રસ્તુત કર્યું હતું. ચોથા દિવસે આધ્યાત્મિક નાટક રહસ્યપૂર્ણ ચિઠ્ઠી આધ્યાત્મિક સંવાદો, લાઈટીંગ ને સાઉન્ડ ઈફેક્ટ સાથે ભવ્ય રીતે પ્રસ્તુત કરવામાં આવ્યું હતું.

મહોત્સવના ચોથા દિવસે સવારે પ્રવચન બાદ 'પૂજ્ય બહેનશ્રીની અમૃતવાણી ભાગ-૩A'' અક્ષરશઃ તત્ત્વચર્ચા કે જે દાદર દિગંબર જૈન મુમુક્ષુ મંડળ દ્વારા તૈયાર કરવામાં આવેલ તેનું વિમોચન ટ્રસ્ટીગણ તથા દાદર મંડળના શ્રેષ્ઠીઓની ઉપસ્થિતિમાં કરવામાં આવ્યું હતું. બપોરના પ્રવચન પછી શ્રી ધાતકીખંડના ભાવિ તીર્થંકર ભગવાનની રથયાત્રાનું આયોજન થયું હતું. જેમાં ભગવાનના રથની સાથે

વિવિધ બગીઓ, ભજનમંડળી અને પારણાઝૂલનનો ફ્લોટની સાથે ચાલતો હતો. પ્રશમમૂર્તિ ભગવતી પૂજ્ય બહેનશ્રીનાં મહામંગળકારી જન્મ દિવસે (શ્રાવણ વદ-૨) પ્રાતઃ પૂજ્ય બહેનશ્રી બ્રહ્મચારી બહેનો સાથે સ્ટેજ સુધી પધાર્યા હતા. ત્યારબાદ કહાન એક્સપ્રેસ દ્વારા પૂજ્ય બહેનશ્રી જન્મધામ વઢવાણ પધાર્યા હતા, તે ફિલ્મના અમુક અંશો દર્શાવવામાં આવ્યા હતા. જેમાં રસ્તામાં બોટાદ, લીંબડી ને વઢવાણના મુમુક્ષુઓ દ્વારા તેમનું સ્વાગત કરવામાં આવ્યું. ત્યારબાદ પૂજ્ય બહેનશ્રીની જન્મધામમાં તત્ત્વચર્ચા બતાવવામાં આવેલ હતી. સુવર્ણપુરી પૂજન સમાપન, પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન પશ્ચાત્ જાહેરાતો, આગામી પ્રસંગોના આમંત્રણ બાદ પૂજ્ય બહેનશ્રી ***'ગુરુપંથિની'*** મોટરમાં પધાર્યા હતા, તે પ્રસંગે આયોજકો દ્વારા એક સુંદર સ્વાગત ગીત પ્રસ્તુત કરવામાં આવેલ. પછી પૂજ્ય બહેનશ્રીની તત્ત્વચર્ચા અને ત્યાર બાદ ભજનમંડળીના ભક્તિમય સૂર સાથે ભક્તોએ પોતાના અંતરના ઉત્સાહથી પૂજ્ય માતાજીના વધામણા કર્યા હતા.

મહોત્સવ ઉજવવાનો આયોજક શ્રી બૃહદ્ મુંબઈ દિગંબર જૈન મુમુક્ષુ મંડળનો ઉત્સાહ ખૂબ જ પ્રશંસાપાત્ર હતો.

---

## પ્રૌઢ વ્યક્તિઓ માટેના પ્રશ્ન તથા ઉત્તર

(આપેલ વિકલ્પમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરી ખાલી જગ્યા ભરો)

(૧) તીર્થંકર ભગવાનના ૪૬ ગુણોમાંથી મહિમાવંત .............. છે.
(૩૪ અતિશય, અનંતચતુષ્ટય, ૮ પ્રાતિહાર્ય)

(૨) છ એ દ્રવ્યોની ગુણ-પર્યાયોની મર્યાદાની સ્વતંત્રતા ............ ગુણના કારણે જાણી શકાય છે. (દ્રવ્યત્વ, પ્રમેયત્વ, અગુરુલઘુત્વ)

(૩) પ્રશ્નનાં નિમિત્તથી એક જ વસ્તુમાં પ્રત્યક્ષ વગેરે પ્રમાણોથી અવિરુદ્ધ વિધિ અને પ્રતિષેધની કલ્પના એ ............. છે. (૪૭ નય, સાત તત્ત્વ, સપ્તભંગી)

(૪) બધા જ ઔદયિક ભાવ ..... સ્વરૂપ હોય છે. (સ્વભાવ, વિભાવ, સ્વભાવ-વિભાવ)

(૫) સમ્યક્ એકાંતને ................ કહેવાય છે. (નિક્ષેપ, નય, પ્રમાણ)

(૬) ધર્મની શરૂઆત ............... ભાવથી થાય છે (ઔપશમિક, ક્ષાયિક, પારિણામિક)

(૭) ............... શાસ્ત્રનાં પ્રથમ શ્લોકમાં જ અમૃતચંદ્ર આચાર્યદેવે "સર્વને દેખનાર– જાણનાર, ચૈતન્યસ્વરૂપ, સ્વાનુભવ પ્રસિદ્ધ અને જ્ઞાન આનંદસ્વરૂપ ઉત્કૃષ્ટ આત્માને નમસ્કાર કરેલ છે." (પંચાસ્તિકાય, સમયસાર, પ્રવચનસાર)

(૮) સુવર્ણપુરી માનસ્તંભની મહિમા કરતા પૂજ્ય ગુરુદેવશ્રી કહેતા કે ૬૩ શલાકા પુરુષ મોક્ષગામી જીવ હોય છે, આ ........... ફૂટ ઉન્નત માનસ્તંભના જે ભાવથી દર્શન કરે છે તે જીવ પણ મોક્ષગામી છે. (૫૭, ૬૩, ૫૧)

(૯) જે કર્મના ઉદયના નિમિત્તથી નાભિની નીચેના અંગ મોટા હોય અને ઉપરના અંગ નાના હોય તેને ................ સંસ્થાન કહે છે. (હુંડક, સ્વાતિ, સમચતુરસ્ર)

(૧૦) બે ઇન્દ્રિય, ત્રણ ઇન્દ્રિય, ચાર ઇન્દ્રિય અને પાંચ ઇન્દ્રિય તિર્યંચ માત્ર ............ લોકમાં હોય છે. (મધ્ય–અધો, મધ્ય–ઉર્ધ્વ, મધ્ય)

(૧૧) મોહનીય કર્મની ............. પ્રકૃતિ સમ્યગ્દર્શનની ઘાતક છે. (એક, સાત, ચાર)

(૧૨) પૂજ્ય ગુરુદેવશ્રી પ્રવચનમાં દ્રવ્યદૃષ્ટિ ઉપર જ ભાર મૂકતા કારણ કે દ્રવ્યદૃષ્ટિથી જ ............. ની પ્રાપ્તિ થાય છે. (વ્યવહાર ચારિત્ર, સ્વર્ગ, સમ્યગ્દર્શન)

(૧૩) ‘‘ઉંડાણમાંથી લગની લગાડીને પુરુષાર્થ કરે તો વસ્તુ મળ્યા વિના રહે નહિ, લગની લાગે તો જ્ઞાન અને આનંદ પ્રગટે જ.’’ આ વાત પૂજ્ય બહેનશ્રીનાં ............. પુસ્તકમાં આવે છે. (વચનામૃત, સાધના-વાણી, આરાધનાની દેવી)

(૧૪) વર્તમાનકાળનાં કેવળજ્ઞાનીઓમાં અંતિમ .............. કેવળી કુંડલગિરિથી સિદ્ધ થયા છે. (શ્રીધર, જંબૂસ્વામી, નંદિમિત્ર)

(૧૫) સિદ્ધાંત અનુસાર પ્રસિદ્ધ અર્થ તે ............. છે. (શબ્દાર્થ, ભાવાર્થ, આગમાર્થ)

(૧૬) પરિણામ પોત પોતાના .............. ને આશ્રિત હોય છે. (ગુણ, દ્રવ્ય, પર્યાય)

(૧૭) ............ પુદ્ગલો કર્મ વર્ગણાની યોગ્યતા રહિત હોય છે. (સૂક્ષ્મ-સ્થૂળ, સ્થૂળ-સ્થૂળતમ, સૂક્ષ્મતમ-સ્થૂળતમ)

(૧૮) ક્ષયોપશમિક ભાવ .............. માં ગુણસ્થાન સુધી હોય છે. (૭, ૧૨, ૧૩)

(૧૯) આત્મગુણોની કિંચિત્ પણ અભિવ્યક્તિ ન થવામાં નિમિત્ત થવાવાળા સર્વઘાતિ સ્પર્ધકોના ઉદયના અભાવને ........... કહે છે. (ઉદીરણા, ઉદયાભાવીક્ષય, ક્ષયોપશમ)

(૨૦) જે આત્માના સમ્યક્ત્વ, દેશચારિત્ર, સકલચારિત્ર અને યથાખ્યાત ચારિત્રરૂપ પરિણામોનો ઘાત કરે તેને ............ કહે છે. (કષાય, મિથ્યાત્વ, યોગ)

## પ્રૌઢ માટેના આપેલ પ્રશ્નોના ઉત્તર

| | | | |
|---|---|---|---|
| ૧) અનંતચતુષ્ટય | ૬) ઔપશમિક | ૧૧) સાત | ૧૬) દ્રવ્ય |
| ૨) અગુરુલઘુત્વ | ૭) પ્રવચનસાર | ૧૨) સમ્યગ્દર્શન | ૧૭) સૂક્ષ્મતમ, સ્થૂળતમ |
| ૩) સપ્તભંગી | ૮) ૬૩ | ૧૩) વચનામૃત | ૧૮) ૧૨ |
| ૪) વિભાવ | ૯) સ્વાતિ | ૧૪) શ્રીધર | ૧૯) ઉદયાભાવીક્ષય |
| ૫) નય | ૧૦) મધ્ય | ૧૫) આગમાર્થ | ૨૦) કષાય |

# પંચ પરમેષ્ઠી અને તેમના ગુણો

## અરિહંત પરમેષ્ઠી (૪૬ ગુણ)

### બાહ્યગુણ (૩૪ અતિશય)

૧. મળમૂત્રનો અભાવ
૨. પરસેવાનો અભાવ
૩. સફેદ લોહી
૪. સમચતુરસ્ર સંસ્થાન
૫. વજ્રઋષભ નારાચ સંહનન
૬. અદ્‌ભુત રૂપ
૭. અતિ સુગંધિત શરીર
૮. પ્રિય વચન
૯. ૧૦૦૮ લક્ષણ
૧૦. અતુલ બળ
(કેવળજ્ઞાન થતાં)
૧૧. ઉપસર્ગનો અભાવ
૧૨. અદયાનો અભાવ
૧૩. શરીરનો પડછાયો ન પડે
૧૪. ચાર મુખ દેખાય
૧૫. સર્વવિદ્યાનું સ્વામીપણું
૧૬. આંખનો પલકારો ન થાય
૧૭. સો યોજન સુધી સુભિક્ષતા
૧૮. આકાશગમન
૧૯. કવલાહારનો અભાવ
૨૦. નખ કેશ વૃદ્ધિ ન થાય
(દેવકૃત ચૌદ અતિશય)
૨૧. સકલ અર્ધમાગધી ભાષા
૨૨. સર્વજીવોમાં મૈત્રીભાવ
૨૩. સર્વ ઋતુના ફળ-ફૂલ ખીલે
૨૪. દર્પણ સમાન ભૂમિ
૨૫. કંટક રહિત ભૂમિ
૨૬. મંદ સુગંધિત પવન
૨૭. સર્વને આનંદ
૨૮. ગંધોદકવૃષ્ટિ
૨૯. પગ તળે કમળ રચના
૩૦. સર્વ ધાન્ય નીપજે
૩૧. દશે દિશા નિર્મળ
૩૨. આકાશમાં દેવોનો જયકાર
૩૩. ધર્મચક્ર આગળ ચાલે
૩૪. અષ્ટ મંગળ દ્રવ્ય આગળ ચાલે (છત્ર, ધજા, દર્પણ,કળશ, ચામર, ઝારી, પંખો, ઠવણાં)
(આઠ પ્રાતિહાર્ય)
૩૫. અશોક વૃક્ષ
૩૬. પુષ્પવૃષ્ટિ
૩૭. દિવ્યધ્વનિ
૩૮. ચામર
૩૯. સિંહાસન
૪૦. ભામંડળ
૪૧. દુંદુભિ
૪૨. ઉપરાઉપરી ત્રણ છત્ર

### (ચાર અભ્યંતર ગુણ)

૪૩. અનંત દર્શન
૪૪. અનંત જ્ઞાન
૪૫. અનંત સુખ
૪૬. અનંત વીર્ય

## સિદ્ધ પરમેષ્ઠી (૮ ગુણ)

૧. સમ્યક્ત્વ
૨. દર્શન
૩. જ્ઞાન
૪. વીર્ય
૫. અગુરુલઘુત્વ
૬. અવગાહનત્વ
૭. સૂક્ષ્મત્વ
૮. અવ્યાબાધત્વ

## આચાર્ય પરમેષ્ઠી (૩૬ ગુણ)

(દશ ધર્મ)
૧. ઉત્તમ ક્ષમા
૨. ઉત્તમ માર્દવ
૩. ઉત્તમ આર્જવ
૪. ઉત્તમ સત્ય
૫. ઉત્તમ શૌચ
૬. ઉત્તમ સંયમ
૭. ઉત્તમ તપ
૮. ઉત્તમ ત્યાગ
૯. ઉત્તમ આકિંચન્ય
૧૦. ઉત્તમ બ્રહ્મચર્ય

| *(છ બાહ્ય તપ) +* | *(છઅભ્યંતર તપ)* |
|---|---|
| ૧. અનશન | ૧. પ્રાયશ્ચિત્ત |
| ૨. અવમૌદર્ય | ૨. વિનય |
| ૩. વૃત્તિ પરિસંખ્યાન | ૩. વૈયાવૃત્ય |
| ૪. રસપરિત્યાગ | ૪. સ્વાધ્યાય |
| ૫. વિવિક્ત શૈયાશન | ૫. વ્યુત્સર્ગ |
| ૬. કાયક્લેશ | ૬. ધ્યાન |

| *(પાંચ આચાર)* | *(છ આવશ્યક)* |
|---|---|
| ૧. દર્શનાચાર | ૧. સામાયિક |
| ૨. જ્ઞાનાચાર | ૨. વંદના |
| ૩. ચારિત્રાચાર | ૩. ચોવીસ તીર્થંકર પંચ પરમેષ્ઠી સ્તુતિ |
| ૪. તપાચાર | ૪. પ્રતિક્રમણ |
| ૫. વીર્યાચાર | ૫. સ્વાધ્યાય |
| | ૬. કાયોત્સર્ગ |

*(ત્રણ ગુપ્તિ)*
૧. મનોગુપ્તિ
૨. વચનગુપ્તિ
૩. કાયગુપ્તિ

## ઉપાધ્યાય પરમેષ્ઠી (૨૫ ગુણ)

| (૧૧ અંગ) | (૧૪ પૂર્વ) |
|---|---|
| ૧. આચારાંગ | ૧. ઉત્પાદપૂર્વ |
| ૨. સૂત્રકૃતાંગ | ૨. અગ્રયાણીપૂર્વ |
| ૩. સ્થાનાંગ | ૩. વીર્યપ્રવાદપૂર્વ |
| ૪. સમવાયાંગ | ૪. અસ્તિનાસ્તિપ્રવાદપૂર્વ |
| ૫. વ્યાખ્યાપ્રજ્ઞપ્તિ | ૫ . જ્ઞાનપ્રવાદપૂર્વ |
| ૬. જ્ઞાતૃધર્મકથાંગ | ૬. સત્યપ્રવાદપૂર્વ |
| ૭. ઉપાસકાધ્યાનાંગ | ૭. આત્મપ્રવાદપૂર્વ |
| ૮. અંતકૃતદશાંગ | ૮. કર્મપ્રવાદપૂર્વ |
| ૯. અનુત્તરોપપાદિકદશાંગ | ૯. પ્રત્યાખ્યાનપૂર્વ |
| ૧૦. પ્રશ્નવ્યાકરણાંગ | ૧૦. વિદ્યાનુવાદપૂર્વ |
| ૧૧. વિપાકસૂત્ર | ૧૧. કલ્યાણવાદપૂર્વ |
| | ૧૨. પ્રાણવાદપૂર્વ |
| | ૧૩. ક્રિયાવિશાલપૂર્વ |
| | ૧૪. લોકબિંદુસાર પૂર્વ |

દિગંબર ધર્મની માન્યતા અનુસાર વર્તમાનકાળમાં અધિકાંશ શ્રુતનો લોપ થઈ ગયો છે. માટે વર્તમાનમાં ૨૫ મૂળગુણધારી ઉપાધ્યાય હોતા નથી. ઉપચારથી જે મુનિરાજને આચાર્ય પરમેષ્ઠી સંઘના મુનિઓને ભણાવવાનું દાયિત્વ આપે છે તેને ઉપાધ્યાય કહેવાય છે.

## સાધુ પરમેષ્ઠી (૨૮ ગુણ)

| (પાંચ મહાવ્રત) | (પાંચ સમિતિ) |
|---|---|
| ૧. હિંસા | ૬. ઈર્યા |
| ૨. અસત્ય | ૭. ભાષા |
| ૩. ચોરી | ૮. એષણા |
| ૪. અબ્રહ્મ | ૯. આદાન-નિક્ષેપણ |
| ૫. પરિગ્રહની | ૧૦. પ્રતિષ્ઠાપન |

વિરતિરૂપ પાંચ પ્રકાર

**૧૧-૧૫. (પાંચ ઇન્દ્રિય નિરોધ)**

સ્પર્શ, રસ, ઘ્રાણ, ચક્ષુ, શ્રોત—પાંચ ઇન્દ્રિયના વિષયમાં ઇષ્ટ-અનિષ્ટપણું ન માનવું

| (છ આવશ્યક) | |
|---|---|
| ૧૬. સામાયિક | ૨૨. કેશલોચ |
| ૧૭. વંદના | ૨૩. દિગમ્બરપણું |
| ૧૮. ૨૪ તીર્થંકર / પંચ પરમેષ્ઠીની સ્તુતિ | ૨૪. અસ્નાન |
| ૧૯. પ્રતિક્રમણ | ૨૫. ભૂમિશયન, |
| ૨૦. સ્વાધ્યાય | ૨૬. દાતણ ન કરવું |
| ૨૧, કાયોત્સર્ગ | ૨૭. ઊભા ઊભા ભોજન |
| | ૨૮. એક વખત આહાર |

આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ એ ત્રણેય નિશ્ચય રત્નત્રય અર્થાત્ શુદ્ધોપયોગરૂપ મુનિધર્મ જે આત્મસ્વરૂપનું સાધન છે તે વડે પોતાના આત્મામાં સદા તત્પર (સાવધાન-જાગૃત) રહે છે, બાહ્યમાં ૨૮ મૂળગુણોના ધારક હોય છે, તેમની પાસે દયાનું ઉપકરણ પીંછી, શૌચનું ઉપકરણ કમંડળ અને જ્ઞાનનું ઉપકરણ સુશાસ્ત્ર હોય છે. તેઓ ૪૬ દોષ (૩૨ અંતરાય અને ૧૪ આહાર દોષ) થી રહિત શુદ્ધ આહાર લે છે તે જ મોક્ષમાર્ગના સાધક-સાચા સાધુ અને ગુરુ કહેવાય છે.

## સુવર્ણપુરી સમાચાર :—

અધ્યાત્મતીર્થ સુવર્ણપુરીનું ધાર્મિક વાતાવરણ અનંત ઉપકારમય પૂજ્ય સદ્ગુરુદેવશ્રી કાનજીસ્વામી તેમજ તેમના પરમ અનન્ય ભક્ત પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના કલ્યાણવર્ષી પુણ્ય પ્રતાપે, આશીર્વાદથી દેવ-ગુરુ-શાસ્ત્રની ધર્મની આરાધનામય રહે છે. તથા પં.રત્નશ્રી હિંમતભાઈ જે. શાહે બનાવેલા સુમધુર કાવ્યોથી વાતાવરણ ભક્તિમય રહે છે :—

પ્રાતઃ ૬-૦૦ થી ૬-૨૦ : પૂજ્ય બહેનશ્રીની ધર્મચર્ચાની ઑડિયો-ટેપ

સવારે ૮-૩૦ થી ૯-૩૦ : શ્રી સમયસાર ઉપર (૧૮મી વારના) પૂજ્ય ગુરુદેવશ્રીનું **CD** પ્રવચન

બપોરે ૩-૦૦ થી ૪-૦૦ : શ્રી નિયમસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું **CD** પ્રવચન

બપોરે ૪-૦૦ થી ૪-૩૦ : શ્રી જિનેન્દ્ર ભક્તિ

રાત્રે ૮-૦૦ થી ૯-૦૦ : શ્રી પરમાત્મપ્રકાશ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું **CD** પ્રવચન

આ વર્ષે પર્યુષણમહાપર્વ જ્ઞાનવૈરાગ્યભીની તત્ત્વોપાસના, મુનીન્દ્રમહિમા, પૂજ્ય ગુરુદેવશ્રી તથા પૂજ્ય બહેનશ્રીની ઉપકારભીની દૃષ્ટિથી પ્રભાવનાપૂર્ણ રહ્યું. પર્યુષણપર્વની આરાધના માટે બહારગામથી અનેક મુમુક્ષુ મહેમાનો પધાર્યા હતા. વિધાનપૂજાના સમયે પરમાગમમંદિર તથા પ્રવચનના સમયે સ્વાધ્યાયમંદિર ભરાઈ જતું હતું. ક્ષમાવણીના દિવસે, આ સાધનાતીર્થની પવિત્ર યાત્રા તથા પૂજ્ય ગુરુદેવશ્રી અને પૂજ્ય બહેનશ્રી પ્રતિ ક્ષમાવણીસ્તુતિપૂર્વક ક્ષમાયાચના માટે બહારગામથી ઘણા મુમુક્ષુ મહાનુભાવ આવ્યા હતા.

**✻ *'સમયસાર ગુજરાતી અનુવાદ'ની પૂર્ણાહૂતિનો વાર્ષિક દિવસ : વિજયાદશમી* ✻**

શ્રી સમયસાર પરમાગમના કરાયેલ અનુવાદની પૂર્ણાહૂતિનો વાર્ષિક દિવસ આસો સુદ ૧૦ (દશેરા) તા. ૨-૧૦-૨૦૨૫, ગુરુવારના રોજ સમયસારની વિશેષ ભક્તિપૂર્વક ઊજવવામાં આવશે.

## *વૈરાગ્ય સમાચાર :–*

✻ મોરબી નિવાસી (હાલ મુંબઈ) શ્રી પ્રકાશભાઈ જેચંદભાઈ વાઘજીભાઈ મહેતાનું તા. ૨૩-૬-૨૦૨૫ના રોજ દેહ પરિવર્તન થયેલ છે.

✻ અમદાવાદ નિવાસી ભાનુભાઈ મલુકચંદ શાહ(સાયલાવાળા)નું તા. ૨૫-૭-૨૦૨૫ના રોજ દેહ પરિવર્તન થયેલ છે.

✻ સોનગઢના વતની શ્રી જગતકિશોરભાઈ પ્રેમચંદભાઈ દામાણી (ઉ.વ. ૮૨) નું તા. ૨૪-૭-૨૦૨૫ના રોજ અમેરિકા મુકામે દેહ પરિવર્તન થયેલ છે.

✻ ભાવનગર નિવાસી શ્રીમતી નયનાબેન મયંકભાઈ ભાયાણી (ઉ.વ. ૬૯)નું તા. ૨૮-૬-૨૦૨૫ના રોજ પંચપરમેષ્ઠીનું સ્મરણ કરતાં દેહપરિવર્તન થયેલ છે.

✻ લીંબડી નિવાસી કિરીટભાઈ રતિલાલ શાહના ધર્મપત્ની જશવંતીબેન કિરીટભાઈ શાહનું તા. ૩૦-૬-૨૦૨૫ના રોજ દેહ પરિવર્તન થયેલ છે.

✻ ભાવનગર નિવાસી શ્રી ઈન્દુબેન મુકુંદરાય શાહ (—તેઓ બ્ર. વજુભાઈ સાહેબના ભાણેજ) (ઉ.વ. ૮૨)નું તા. ૧૯-૭-૨૦૨૫ના રોજ દેહ પરિવર્તન થયેલ છે.

✻ ઘાટકોપર-મુંબઈ નિવાસી તેજલબેન હરેશભાઈ ગોસલિયા (ઉ.વ. ૫૩)નું તા. ૨૮-૭-૨૦૨૫ના રોજ દેહ પરિવર્તન થયેલ છે.

✻ ઘાટકોપર નિવાસી હંસાબેન ખીમચંદભાઈ શાહ (ઉ.વ. ૯૫)નું તા. ૭-૮-૨૦૨૫ના રોજ દેહ પરિવર્તન થયેલ છે.

✻ ટીકરરણ નિવાસી (હાલ-પાર્લા-મુંબઈ) શ્રી પુષ્પાબેન લાભુભાઈ મહેતાનું તા. ૭-૮-૨૦૨૫ના રોજ દેહ પરિવર્તન થયેલ છે.

✻ જામનગર નિવાસી આત્માર્થી કલ્પનાબેન મહેશચંદ્ર મહેતા (ઉ.વ. ૮૫)નું તા. ૧૮-૮-૨૦૨૫ના રોજ દેહ પરિવર્તન થયેલ છે.

## આત્મધર્મ સંબંધી અગત્યની સૂચના

આપ અમારા મુમુક્ષુ છો. આત્મધર્મ ગુજરાતી અંક તમને ઘણા સમયથી મોકલીએ છીએ. હવે ટ્રસ્ટે નક્કી કરેલ છે કે જે ગ્રાહક ૧૫ વર્ષથી વધુ સમયના છે તેમને આગલા મહિનેથી અંક મોકલવાનું બંધ કરવામાં આવશે. જો તેમણે આત્મધર્મ અંક ફરીથી ચાલુ કરવો હોય તો તેઓ આત્મધર્મ કાર્યાલયને એક સંમતિપત્રક મોકલશો તો તમને બીજા ૫ વર્ષ માટે રીન્યુ કરી આપવામાં આવશે.

આ ઉપરાંત જેઓને ફીઝીકલ કોપી ન જોઈતી હોય તો તેમને **email** અથવા **whatsapp** પર **PDF** ફાઈલ મોકલવામાં આવશે. માટે તમે તમારો વ્યવસ્થિત જવાબ આપશો તે મુજબ તમારો સંતોષ કરવામાં આવશે.

તમારું સંમતિપત્ર આત્મધર્મ કાર્યાલય અથવા **email** કે **Whatsapp** પર મોકલી શકો છો.

આત્મધર્મ કાર્યાલય,
શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ,
સોનગઢ (જિ. ભાવનગર)

**email contact@kanjiswami.org**
**Whatsapp No 9276867578**

## સંમતિપત્ર

પ્રતિ શ્રી આત્મધર્મ કાર્યાલય

આથી હું ........................................................................... જણાવું છું કે અમારે ત્યાં આપના દ્વારા મોકલવામાં આવતા આત્મધર્મ અંકનું અમે નિયમિત વાંચન/ સ્વાધ્યાય કરીએ છીએ. તથા કોઈ પ્રકારનો અવિનય અશાતના અમારા દ્વારા થતી નથી. તેથી અમારા માટે આત્મધર્મ અંક રીન્યુ કરવા વિનંતી છે.

આત્મધર્મ ફિઝીકલ /**email** / **whatsapp** ....................... દ્વારા અમને મોકલશો.

ગ્રાહક નંબર : ..................

નામ : ............................................................

સરનામું : .........................................
.........................................
..........................................

સંપર્ક નં. : ..............................

# પૂજ્ય ગુરુદેવશ્રીનાં હૃદયોદ્‌ગાર

● આત્મામાં ભેદજ્ઞાનપૂર્વક સ્વનું અવલંબન લઈને જે આત્માનો ધર્મ થાય તે અનુભવપ્રકાશ છે. તે વખતે ચારિત્રગુણની મિશ્રદશા હોવાના કારણે અંશે નિર્મળતા અને અંશે મલિનતા છે. તે મલિનતા કર્મના કારણે નથી. ૭૦૭.

● આત્માનુ વેદન કેમ થાય ? તો તે કાંઈ નિમિત્ત અને રાગમાં પ્રેમ કર્યે થાય નહીં. પણ ચેતનની ચેતના છે, તે જ્ઞાન દર્શન વડે ખ્યાલમાં આવે, તે પરથી તો નહીં પણ જ્ઞાન સિવાય બીજા ગુણોથી પણ ખ્યાલમાં આવતી નથી. એવા જ્ઞાન લક્ષણ વડે ચેતના જાણવામાં ચેતના વડે ચેતના સત્તાનો નિર્ણય થયો. જ્યારે જ્ઞાનમાં ચેતના ખ્યાલમાં આવી ત્યારે ચેતનસત્તા છે એમ નિર્ણય થયો. જાણવા દેખવાવાળી વસ્તુ છે. તે વડે સુખનો અંશ પ્રગટ થયો ત્યારે ચેતનસત્તાનો નિર્ણય થયો. ૭૦૮.

● જ્યારે આત્માનો અનુભવ છે ત્યારે બાહ્ય વેદનાનો અનુભવ હોતો નથી. આત્મા આનંદકંદ શુદ્ધ છે. એની રમણતા થતાં ગમે તેવા પરિષહના ગંજ હોય પણ એનું વેદન હોતું નથી. જેણે ચારિત્રને કષ્ટરૂપ માન્યું છે. એ ચારિત્રના સ્વરૂપને સમજતો નથી. તે અજ્ઞાની છે, તે ચારિત્રને ગાળ દે છે. અવર્ણવાદ કરે છે. દેવ-ગુરુ-શાસ્ત્રનો અવર્ણવાદ કરે છે. તે દર્શન મોહનીય બાંધે છે. ૭૦૯.

● જ્ઞાનદ્વારમાં સ્વરૂપ શક્તિને જાણવી. લક્ષણ જ્ઞાન અને લક્ષ્ય આત્મા પોતાના જ્ઞાનમાં ભાસે છે ત્યારે સહજ આનંદધારા વહે છે તે અનુભવ છે. ૭૧૦.

● જગતમાં આત્માના ભાનવાળા સંતો તથા જે ગુણવંત કહેવાય તે આત્માનો અનુભવ કરો. દયા-દાનાદિ પરિણામ થાય તે આસ્રવ છે. ધર્મ નથી-તેમ જાણો. બહારની તપશ્ચર્યા કરે, અભિગ્રહ કરે તેને ગુણવંત કહ્યા નથી. આનંદ સ્વભાવની ખોજ કરે તે ગુણવંત સંત છે. એકલી ક્રિયાકાંડ કરે તેને સંત કહેતા નથી. બધા જીવરાશિ સ્વરૂપને અનુભવો (આ) અનુભવ એક જ મુક્તિનો માર્ગ છે. ૭૧૧.

● નમસ્કાર એટલે વિકલ્પની વાત નથી. મારો શુદ્ધ આત્મા દ્રવ્યકર્મ, ભાવકર્મ, નોકર્મથી રહિત છે. તેમાં હું પરિણમન કરું છું. તેમાં મારો ઝુકાવ છે. મારો ઝુકાવ કર્મમાં નથી, રાગમાં નથી, શરીરમાં નથી. રાગની પર્યાયનું લક્ષ છોડી આત્મામાં વળવું તે સાચો ભાવનમસ્કાર છે અને જે વિકલ્પ આવે છે તે દ્રવ્ય નમસ્કાર છે. ૭૧૩.

આત્મધર્મ
સપ્ટેમ્બર-૨૦૨૫
અંક-૧ ● વર્ષ-૨૦

Posted at Songadh PO
Publish on 1-9-2025
Posted on 1-9-2025

Registered Regn. No. BVR-367/2024-2026
Renewed upto 31-12-2026
RNI Registration No. GUJGUJ/2006/18667
વાર્ષિક લવાજમ રૂા. ૯/- આજીવન લવાજમ રૂા. ૧૦૧/-




**Printed & published by Hasmukhbhai Popatlal Vora on behalf of shri Digambar Jain Swadhyay Mandir Trust and Printed at Kahan Mudranalay, Jain Vidhyarthi Gruh, At-Songadh Pin-364250 and published from Shri Digambar Jain Swadhyay Mandir Trust At-Songadh, Ta. sihor, Dist. Bhavnagar Pin-364250.**

**Editor : Anantrai Vrajlal Shah.**

If undelivered Please return to :—
Shri Dig. Jain Swadhyay Mandir Trust
**SONGADH**-364 250 (INDIA)
Phone No. (02846) 244334
Fax (02846) 244662

**www.kanjiswami.org**
**email : contact@kanjiswami.org**